


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 355
Dt.: 05-09-2025,
Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


દિલ્હીમાં વાઈબ્રન્ટ ગુજરાતનું બ્રાન્ડિંગ

# વિકાસના ગુજરાત મોડલને ઉદ્યોગપતિઓ સામે રજૂ કરાયું

## ગુજરાત ટ્રેડ એન્ડ ટ્રેડિશન, કોમર્સ એન્ડ કલ્ચર, ઈન્ડસ્ટ્રી એન્ડ એન્ટરપ્રિન્યોરશીપનો સંગમ ધરાવતું વાઈબ્રન્ટ સ્ટેટ : ભૂપેન્દ્ર પટેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસના પ્રમોશન માટે નવી દિલ્હીમાં અગ્રણી ઉદ્યોગોકારો, ઔદ્યોગિક સંગઠનોના પદાધિકારીઓ સાથે યોજાયેલી સંવાદ બેઠક રોડ-શોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અધ્યક્ષીય સંબોધન કરી રહ્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, ટ્રેડ એન્ડ ટ્રેડિશન, કોમર્સ એન્ડ કલ્ચર, ઈન્ડસ્ટ્રી એન્ડ એન્ટરપ્રિન્યોરશિપનો સંગમ ધરાવતું વાઈબ્રન્ટ ગુજરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી, વાઈબ્રન્ટ સમિટના માધ્યમથી, દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બની ગયું છે. તેમણે ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની શરૂઆતનો જે વિચાર આપ્યો હતો તે રાજ્યના સર્વગ્રાહી વિકાસ માટે ગેમ ચેન્જર સાબિત થયો છે તેમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ સમિટની બે દાયકાની જ્વલંત સફળતાને પગલે ગુજરાત આજે દેશના મોસ્ટ ઈન્ડસ્ટ્રીયલાઈઝ્ડ અને અર્બનાઈઝ્ડ સ્ટેટ તરીકે રોકાણકારો માટે મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાને સર્વસમાવેશી અને દરેક વ્યક્તિ, દરેક વિસ્તાર સુધી પહોંચે તેવા વિકાસનું વિઝન આપ્યું છે. આ વિઝનને પરિપૂર્ણ કરવા ગુજરાતમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સફળતા પછી હવે પ્રાદેશિક સ્તર પર ઔદ્યોગિક, આર્થિક વિકાસને વેગ આપવા રિજનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સીસ શરૂ કરી રહ્યાં છીએ.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતના કેટલાંક પ્રદેશોના પ્રોડક્શન અને આઉટપુટ તો દેશના કેટલાક રાજ્યોના પ્રોડક્શન કરતાં પણ વધારે છે. આ રિજનલ કોન્ફરન્સ દ્વારા ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત પ્રદેશોમાં સેક્ટર સ્પેસિફિક ઈન્વેસ્ટમેન્ટ નવી તકો ખુલશે અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટની નવી દિશા મળશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ રાજ્યમાં પીએમ મિત્ર પાર્ક, બલ્ક ડ્રગપાર્ક, મેડિકલ ડિવાઈસ પાર્ક, એગ્રો ફૂડ પાર્ક જેવા સ્પેશિયલ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ડેવલપ કરવામાં આવી રહ્યા છે તેની પણ ભૂમિકા વ્યાપક પ્રાદેશિક વિકાસ સંભાવનાઓના સંદર્ભમાં આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાતની વિકાસયાત્રાનું નેક્સ્ટ સ્ટેપ ગિફ્ટ સિટી, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન, સેમિકોન, ગ્રીનફિલ્ડ પોર્ટ્સ, ગ્રીન એનર્જી જેવા ફ્યુચર રેડી મેગા પ્રોજેક્ટ્સથી સંચાલિત હશે. આવા ફ્યુચરિસ્ટિક મેગા ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સહિત રિજનલ ઈન્ડસ્ટ્રીયલ સ્ટ્રેન્થને પરિણામે વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસ રોકાણકારોને રિજનલ ઈકો સિસ્ટમ સાથે સીધા જોડાણનો અવસર પૂરો પાડશે. એટલું જ નહિ, સ્થાનિક એમ.એસ.એમ.ઈ. અને આનુષંગિક ઉદ્યોગોને વધુ વિકસવાની તક મળશે તેમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું કે, આવી રિજનલ કોન્ફરન્સીસ દરમિયાન ટ્રેડ-શો, એક્ઝિબિશન અને સેક્ટર સ્પેસિફિક સેમિનારના આયોજનથી રિજનલ પ્રોડક્ટ્સને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિતધારકો સામે પ્રસ્તુત કરવાનો મંચ મળશે. 'ક્ષેત્રીય આકાંક્ષા-વૈશ્વિક મહત્વકાંક્ષા'ની થીમ સાથે યોજાનારી વડાપ્રધાનશ્રીના લોકલ ફોર લોકલ - લોકલ ફોર ગ્લોબલના સંકલ્પને પણ સાકાર કરશે. તેમજ વિકસિત ગુજરાત ૨૦૪૭ માટે રાજ્યની ઈકોનોમીને ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલર ઈકોનોમી બનાવવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપશે તેમ મુખ્યમંત્રીએ દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું.

તેમણે આગામી ૯-૧૦ ઓક્ટોબરે ઉત્તર ગુજરાતમાં પ્રથમ રિજનલ કોન્ફરન્સમાં અને ત્યારબાદ અન્ય ત્રણ પ્રદેશોમાં યોજાનારી વી.જી.આર.સી.માં સક્રિય સહભાગી બનવાનું ઉદ્યોગ અગ્રણીઓને ઈજન પાઠવ્યું હતું.

આ અવસરે મુખ્ય સચિવ પંકજ જોષીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૨૦૦૩માં રાજ્યમાં શરૂ થયેલી સમિટ હવે પોલિસી, પાર્ટનરશીપ અને ઈન્વેસ્ટમેન્ટનું પ્લેટફોર્મ બની ગઈ છે.

ગુજરાત ૨૦૪૭માં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં વધુ મોટી ભૂમિકા ભજવવા સજ્જ છે તેની ભૂમિકા આપતા મુખ્યસચિવે કહ્યું કે, ભારત સરકાર દ્વારા બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગમાં ગુજરાતે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. સિંગલ વિન્ડો ક્લિયરન્સ એક્ટ-૨૦૧૭ દ્વારા રાજ્યમાં નિશ્ચિત સમયાવધિમાં મંજૂરીઓનો નિકાલ ફરજિયાત બનાવાયો છે. ૨૦૦થી વધુ વ્યવસાય સંબંધિત મંજૂરીઓ માટે વન સ્ટોપ સોલ્યુશન તરીકે એન્ડ ટુ એન્ડ ઓનલાઈન અરજી પદ્ધતિ સાથેનું ઈન્વેસ્ટર્સ ફેસેલિટેશન પોર્ટલ પણ કાર્યરત કરવામાં આવેલું છે.

એટલું જ નહિ, સનરાઈઝ સેક્ટર્સ એવા સેમિકન્ડક્ટર, રિન્યૂએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન તથા ડિફેન્સ અને એરોસ્પેસ ક્ષેત્રોમાં રોકાણો આકર્ષિત કરવામાં પણ ગુજરાત સફળતાપૂર્વક આગળ રહ્યું છે. તેને વધુ વેગ આપવા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ રિજનલ બેલેન્સ્ડ ડેવલપમેન્ટ અને ઈક્લુઝિવ ગ્રોથનું ગુજરાત મોડલ બનશે તેવો વિશ્વાસ મુખ્ય સચિવે વ્યક્ત કર્યો હતો.

ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT)ના સચિવ અમરદિપસિંહ ભાટીયાએ ગુજરાત સરકાર દ્વારા શરૂ થવા જઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની સરાહના કરતાં જણાવ્યુ હતુ કે, આ કોન્ફરન્સથી ટીઅર-૨ અને ટીઅર-૩ શહેરોમાં નવી ઈન્ડસ્ટ્રીઝનો વિકાસ થશે અને આ કોન્ફરન્સના કારણે નાના શહેરોમાં નવા સ્ટાર્ટ અપ્સને વિકસવાની તક મળશે.

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર કોંગ્રેસના પ્રહાર

# સરકારના બેઠેલા પિતા નીતિ બનાવે છે અને તેમના પુત્રો કમાણી કરે છે : કોંગ્રેસ

## નીતિન ગડકરીના બંને પુત્રોની કંપનીઓ ઈથેનોલનું ઉત્પાદન કરે છે: નિખિલ ગડકરીની કંપની Cian Agroએ જૂન-૨૦૨૫માં ૭૨૩ કરોડની કમાણી કરી: કોંગ્રેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસે ગુરુવારે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર ગંભીર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા છે. કોંગ્રેસનો દાવો છે કે, ગડકરીના પુત્રોની ઈથેનોલ ઉત્પાદક કંપનીઓએ સરકારની નીતિઓનો લાભ લઈને ઝડપી મસમોટો નફો કમાવ્યો છે. તેમણે ગડકરીના બંને પુત્રોની કંપનીઓની કમાણીનો પણ ઉલ્લેખ કર્યો છે અને કેન્દ્ર સરકાર પર પણ આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, નિખિલ ગડકરી અને સારંગ ગડકરી નિતિશ ગડકરીના પુત્રો છે. બંને પુત્રોની કંપનીઓ (Cian Agro Industries & Infrastructure Ltd અને Manas Agro Industries And Infrastructure Ltd) ઈથેનોલનું ઉત્પાદન કરે છે. સરકારના બેઠેલા પિતા પોલિસી બનાવી રહ્યા છે અને તેમના પુત્રો કમાણી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, નિખિલ ગડકરીની કંપની Cian Agroએ જૂન-૨૦૨૪માં ૧૮ કરોડ રૂપિયાની કમાણી કરી હતી, ત્યાર પછી આ કમાણી જૂન-૨૦૨૫માં વધીને ૭૨૩ કરોડ રૂપિયા પર પહોંચી ગઈ છે. કંપનીના શેરની કિંમત જાન્યુઆરી-૨૦૨૫માં ૩૭ રૂપિયા હતી, હવે શેરની કિંમત વધીને ૬૩૮ રૂપિયા પર પહોંચી ગઈ છે.

છેલ્લા ૧૧ વર્ષના ઈતિહાસમાં કોઈ પણ યોજના નિર્ધારિત સમયગાળામાં પૂરી થઈ નથી, પરંતુ ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણનો ટાર્ગેટ ૨૦૨૫ના નિર્ધારિત સમયગાળ પહેલાં પૂરો કરી દેવાયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિન ગડકરીએ જૂન-૨૦૨૪માં કહ્યું હતુ કે, મ્યુનિસિપલ કચરામાંથી બનેલા ઈથેનોલના કારણે પેટ્રોલ ૫૫ રૂપિયા લીટર અને ડીઝલ ૫૦ રૂપિયે લીટર મળશે.

ત્યારબાદ સપ્ટેમ્બર-૨૦૧૮માં ગડકરીએ કહ્યું હતુ કે, કેન્દ્ર સરકાર પાંચ પ્લાન્ટ સ્થાપશે અને ત્યાં લાકડાના ભૂસું અને મ્યુનિસિપલ કચરામાંથ ઈથેનોલ બનાવાશે. પરંતુ સત્ય વાત એ છે કે, આજ સુધી આવુ થઈ શક્યું નથી, એક લીટર ઈથેનોલ પણ બનાવી શકાયું નથી.' ખેડાએ વધુમાં કહ્યું કે, '૫૬ ટકા શેરડી અને બાકીના અનાજનો ઉપયોગ કરીને ૬૨૭ કરોડ લિટર ઈથેનોલમાંથી બનાવાયું છે. તેમાં લાકડાના ભૂસાનો અને મ્યુનિસિપલ કચરાનો ઉપયોગ થયો નથી. જો એક લીટર ઈથેનોલ બનાવવું હોય તો ૩૦૦૦ લીટર પાણીનો વપરાશ થાય છે, જે પર્યાવરણ માટે નુકસાનકારક છે.' કોંગ્રેસના આ ગંભીર આરોપો બાદ હવે ગડકરી તરફથી શું પ્રતિક્રિયા આવે છે, તેના પર સૌની નજર રહેશે.

IIT-મદ્રાસ દેશની ઉત્કૃષ્ટ શિક્ષણ સંસ્થા : NIRF

# IIM અમદાવાદ સળંગ છઠ્ઠા વર્ષે ટોપ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ



અમદાવાદની આઈઆઈએમએ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ તરીકે ફરી એકવાર બાજી મારી પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) ૨૦૨૫માં મેનેજમેન્ટ કેટેગરીમાં અમદાવાદની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (IIM) સળંગ છઠ્ઠા વર્ષે ટોચની ઈન્સ્ટિટ્યુટ રહી છે. આઈઆઈએમ ૨૦૨૦થી સતત ટોચની મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ રહી છે. આ કેટેગરીમાં આઈઆઈએમ બેંગ્લોર બીજા અને આઈઆઈએમ કોઝિકોડે ત્રીજા સ્થાને રહી છે. દરવર્ષે NIRF દ્વારા ટોચનું પ્રદર્શન કરનારી યુનિવર્સિટી, કોલેજ અને ઈન્સ્ટિટ્યુટની યાદી જાહેર કરી છે. આ યાદી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ વર્ષે વિવિધ ૧૭ કેટેગરીમાં ઉત્કૃષ્ટ શિક્ષણ સેવા પ્રદાન કરનારી ઈન્સ્ટિટ્યુટ આઈઆઈટી મદ્રાસ રહી છે. જે દેશની બેસ્ટ એન્જિનિયરિંગ કોલેજ હોવા ઉપરાંત એકંદરે તમામ કેટેગરીની નંબર વન ઈન્સ્ટિટ્યુટ બની છે. ત્યારબાદ આઈઆઈએસસી બેંગ્લોર બીજા ક્રમે અને આઈઆઈટી બોમ્બે ત્રીજા ક્રમે રહી છે. એન્જિનિયરિંગ કેટેગરીમાં આઈઆઈટી મદ્રાસ ઉપરાંત આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી બોમ્બે ટોપ-૩ રહી છે. NIRF દ્વારા આ વર્ષે ૧૭ કેટેગરીમાં રેન્કિંગ આપવામાં આવ્યું છે. અગાઉ ૧૬ કેટેગરીમાં રેન્કિંગ આપ્યું હતું. આ વર્ષે સસ્ટેનેબિલિટી કેટેગરીનો ઉમેરો કર્યો છે. ૨૦૨૪માં ઓપન યુનિવર્સિટી, સ્કિલ યુનિવર્સિટી, સ્ટેટ પબ્લિક યુનિવર્સિટીની ત્રણ નવી કેટેગરીનો ઉમેરો થયો હતો. આ રેન્કિંગની શરૂઆત ૨૦૧૬માં કરવામાં આવી હતી.

રેન્કિંગના માપદંડો: શિક્ષણ, લર્નિંગ, રિસોર્સ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ્સ, આઉટરીચ, અને ઈક્લુઝિવિટી ઉપરાંત હરીફ સાથેનો દ્રષ્ટિકોણ વગેરે સામેલ છે.

યુનિવર્સિટી કેટેગરીમાં ટોપ-૩ : IISC, JNU, MAHE, મણિપાલ યુનિવર્સિટી

કોલેજ કેટેગરીમાં દેશની ટોચની કોલેજ હિન્દુ કોલેજ રહી છે. મિરાન્ડા હાઉસ બીજા ક્રમે, જ્યારે હંસરાજ કોલેજ ત્રીજા સ્થાને રહી છે. હંસરાજ કોલેજ ગતવર્ષે ૧૨માં ક્રમે હતી. મેડિકલ કેટેગરીમાં એઈમ્સ-દિલ્હી પ્રથમ, પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ચંદીગઢ બીજા, ક્રિસ્ટન મેડિકલ કોલેજ, વેલ્લોર ત્રીજા ક્રમે છે.

# દિલ્હીમાં હાલ પૂરનું ભારે સંકટ ઊભું થયું: સ્મશાનથી લઈને સચિવાલય સુધી પાણી-પાણી, રાહત કેમ્પ ડૂબ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીમાં હાલ પૂરનું ભારે સંકટ ઊભું થયું છે. યમુના નદીનું જળસ્તર જોખમના નિશાનથી ઉપર વહી રહ્યું છે અને તેની સીધી અસર જાહેર જીવન પર દેખાઈ રહી છે. પરિસ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે, પૂરના પાણી દિલ્હી સચિવાલય સુધી પહોંચી ગયા છે, જ્યારે મયુર વિહાર ફેઝ-૧ માં બનેલા રાહત શિબિરો પણ ડૂબી ગયા છે. સ્વામી નારાયણ મંદિર, ફૂટઓવર બ્રિજ અને સિવિલ લાઈન્સ વિસ્તાર પણ પાણીથી ભરાઈ ગયા છે. અહીંના બંગલા પણ પાણીમાં ગરકાવ જોવા મળી રહ્યા છે. બીજી બાજું, NH-44 પર અલીપુર પાસે ફ્લાયઓવરનો એક ભાગ તૂટી પડ્યો, જેમાં એક વાહન ફસાઈ ગયું અને ડ્રાઈવર ઈજાગ્રસ્ત થયો.

સચિવાલય, રાહત શિબિરો અને રસ્તાઓમાં પાણી ઘૂસી ગયા હોવાથી, સ્પષ્ટ છે કે દિલ્હી હાલ પૂરના પ્રકોપનો સામનો કરી રહી છે અને લોકો સલામતી તેમજ અવર-જવરનો માટે પણ અનેક પડકારોનો સામનો કરી રહ્યા છે. ગીતા કોલોની પરિસરમાં પૂરના પાણી ભરાઈ જવાને કારણે અંતિમ સંસ્કાર બંધ કરી દેવામાં આવ્યા છે.

દિલ્હી સચિવાલય પાસે યમુનાનું પાણી પહોંચી ગયું છે. યમુના પૂરના મેદાનને અડીને આવેલા દિલ્હી સચિવાલયના અંડરપાસમાં પાણી ભરાઈ રહ્યું છે, તેને દૂર કરવા માટે સક્શન પાઈપ પણ લગાવવામાં આવી છે, પરંતુ હાલ તે હજુ પણ પાણીથી ભરેલું છે. આ સાથે, યમુના નદીના વધતા જળસ્તરને કારણે, કાશ્મીરી ગેટ વિસ્તારના કેટલાક ભાગોમાં પાણી ભરાઈ ગયું છે. ડ્રોનથી લેવામાં આવેલી તસવીરો દર્શાવે છે કે યમુનાના પાણીનું સ્તર સતત વધી રહ્યું છે. કાશ્મીરી ગેટ બસ ટર્મિનલ ડૂબી ગયું છે.મળતી માહિતી મુજબ, બુધવારે વહેલી સવાર સુધી, યમુના નદીના પાણીનું સ્તર ૨૦૭.૪૭ મીટર પર સ્થિર રહ્યું. રાત્રે ૨ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી, પાણીનું સ્તર વધ્યું કે ઘટ્યું નહીં. જોકે, ભયનું નિશાન ૨૦૫.૩૩ મીટર છે, જેની ઉપર નદી હાલમાં વહી રહી છે. રિંગ રોડ સાથે જોડાયેલા યમુના રોડ પર ભારે પાણી ભરાઈ ગયું છે, જે સિવિલ લાઈન તરફ જાય છે.

દિલ્હીના ITO ક્રોસિંગ પર સૌથી વધુ મુશ્કેલી જોવા મળી રહી છે. બુધવારે વહીવટીતંત્રે સાવચેતી રૂપે રાજઘાટ તરફ જતો રસ્તો બંધ કરી દીધો હતો. અહીં રસ્તા પર પાણી ભરાઈ જવાને કારણે ટ્રાફિક સંપૂર્ણપણે પ્રભાવિત થયો હતો. રિંગ રોડ પાસે આવેલી સરકારી કચેરીઓની બહાર પાણી ભરાઈ જવાને કારણે અફરા-તફરીનું વાતાવરણ સર્જાયું હતું. ડ્રેનેજના અભાવે ગટરનું પાણી સીધું રસ્તાઓ પર ફેલાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, આવતા-જતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. વરસાદની અસર દિલ્હીના રસ્તા અને માળખાગત સુવિધાઓ પર જોવા મળી રહી છે. NH-44 પર અલીપુર નજીક બનેલો ફ્લાયઓવર ધરાશાયી થયો. આ અકસ્માતમાં એક થ્રી-વ્હીલર વાહન ફસાઈ ગયું અને તેના ચાલકને ઈજા થઈ. દુર્ઘટના બાદ પણ ત્યાંથી પસાર થતા વાહનોની અવરજવર બંધ થઈ નહીં. સ્થાનિકોનું કહેવું છે કે, ફ્લાયઓવર નીચે માટી સતત ધસી રહી છે અને જો સમયસર ટ્રાફિક બંધ ન કરવામાં આવે તો મોટી દુર્ઘટના થઈ શકે છે.


# પશ્ચિમ રેલ્વે દ્વારા સ્પેશ્યલ ટ્રેનો ચલાવશે

| ટ્રેન નં. | મૂળ સ્થાન અને ગંતવ્ય | ચલાવાના દિવસ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 01920 | અસારવા - આગ્રા કેન્ટ | 22.09.2025 થી 01.12.2025 સુધી | 17:50 કલાક (દૈનિક) | 10:20 કલાક (બીજા દિવસે) |
| 01919 | આગ્રા કેન્ટ - અસારવા | 21.09.2025 થી 30.11.2025 સુધી | 23:30 કલાક (દૈનિક) | 16:35 કલાક (બીજા દિવસે) |

હોલ્ટ્સ: હિમતનગર, ડુંગરપુર, ઝવેર, ઉદયપુર શહેર, માવલી, ચંદેરિયા, માંડલ ગઢ, બુંદી, કેશોરાઈ પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બાયના, રૂપબાસ અને ફતેહપુર સીકરી સ્ટેશન બંને દિશામાં.

રચના: એસી 2-ટાયર, એસી 3-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

ટ્રેન નં. 01906/01905 અસારવા ⇌ કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક વિશેષ ટ્રેન રુપબાસ સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ હશે

| ટ્રેન નં. | મૂળ સ્થાન અને ગંતવ્ય | ચલાવાના દિવસ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 04828 | બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી (સાપ્તાહિક) | 28.09.2025 થી 28.12.2025 સુધી | 10:30 કલાક (રવિવાર) | 04:30 કલાક (બીજા દિવસે) |
| 04827 | ભગત કી કોઠી - બાંદ્રા ટર્મિનસ (સાપ્તાહિક) | 27.09.2025 થી 27.12.2025 સુધી | 11:30 કલાક (શનિવાર) | 07:25 કલાક (બીજા દિવસે) |

હોલ્ટ્સ: બોરીવલી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, સાબરમતી, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવારા, જવાઈ બંધ, ફાલના, રાણી, મારવાડ, પાલી મારવાડ અને લુની સ્ટેશન બંને દિશામાં.

રચના: એસી 2-ટાયર, એસી 3-ટાયર, એસી 3-ટાયર (ઇકોનોમી), સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સમય, વિરામ અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે,મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નંબર 01920 અને 04828 નું બુકિંગ 06.09.2025 થી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

અમને લાઈક કરો: facebook.com/WesternRly

અમને ફોલો કરો: X.com/WesternRly

અમને ફોલો કરો: Instagram/WesternRly

તમામ આરક્ષીત ટિકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.


# GST મુદ્દે કોંગ્રેસનો દાવો: એનડીએ સરકારે રાહુલ ગાંધીની વાત માનવી પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)માં ઘટાડો કરવા મુદ્દે કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર કટાક્ષ કર્યા છે. તેમણે કહ્યું છે કે, કેન્દ્ર સરકારે વર્ષોથી રાહુલ ગાંધીની સલાહને અવગણી. સરકારે GST કાઉન્સિલને ઔપચારિકતા સુધી મર્યાદિત કરી દીધુ છે. અંતે એનડીએએ રાહુલ ગાંધીની વાત સ્વીકારી પડી. કોંગ્રેસે કહ્યું કે, અમે લાંબા સમયથી GST 2.0 ની હિમાયત કરી રહી છે, જેથી GST દર ઘટાડવામાં આવે, મોટા પાયે વપરાશમાં લેવાતા માલ-સામાન પર જીએસટી ઘટાડવામાં આવે. કરચોરી અને ખોટી કેટેગરી સંબંધિત વિવાદો ઘટાડી શકાય. વધુમાં આઉટપુટ કરતાં ઈનપુટ પર વસૂલાતા વધુ પડતાં ટેક્સ નાબૂદ કરવાની પણ માગ કરી હતી. વધુમાં MSME પર નિયમોનો બોજ ઘટાડવા અને GSTનો વ્યાપ વધારવા ભલામણ કરી હતી. પરંતુ એનડીએ આ માગણીઓને અવગણી રહી હતી. કોંગ્રેસના મુખ્ય સચિવ અને રાજ્યસભા સાંસદ જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં જીએસટી કાઉન્સિલની ભૂમિકા પર સવાલો કર્યા હતા. તેમણે કહ્યું કે, બંધારણીય સંસ્થા GST કાઉન્સિલની બેઠક બાદ નાણામંત્રીએ મોટી જાહેરાતો કરી હતી. પરંતુ આ બેઠક પહેલાં જ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આના સંકેતો આપ્યા હતા. જેથી પ્રશ્ન થઈ રહ્યો છે કે, શું જીએસટી કાઉન્સિલ માત્ર એક ઔપચારિકતા સુધી મર્યાદિત બન્યું છે. GST ૧.૦માં ઘણી ખામીઓ હતી અને કોંગ્રેસે ૨૦૧૭માં જ આ તરફ ધ્યાન દોર્યું હતું. પરંતુ સરકારે તેને અવગણ્યું. વડાપ્રધાને તેને સારો અને સરળ ટેક્સ ગણાવી વાહવાહી કરાવી. પરંતુ તે વૃદ્ધિને રૂંધતો ટેક્સ બન્યો.

આગળ જયરામ રમેશે કહ્યું કે, ગઈકાલે જ જીએસટી સુધારાની જાહેરાતો થઈ, કારણકે, વડાપ્રધાને પહેલાંથી જ પ્રી-દિવાળીની ડેડલાઈન નક્કી કરી લીધી હતી.

શિખર ધવન પણ EDની રડારમાં

# સટ્ટાબાજી એપ કેસમાં શિખર ધવનની પણ પૂછપરછ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગેરકાયદેસર સટ્ટાબાજી એપ વન એક્સ બેટ સંબંધિત મની લોન્ડરિંગના સંદર્ભમાં પૂછપરછ માટે પૂર્વ ભારતીય ઓપનર શિખર ધવનને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા સમન્સ મોકલવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તેમને ૪ સપ્ટેમ્બરના રોજ પૂછપરછ માટે પોતાની ઓફિસમાં આવવા કહ્યું છે. અગાઉ ભૂતપૂર્વ ભારતીય વિસ્ફોટક બેટ્સમેન સુરેશ રૈના પણ સટ્ટાબાજીના કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની રડારમાં આવ્યો હતો. ધવન પણ ટૂંક સમયમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ઓફિસ પહોંચશે. જો મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ શિખર ધવનની પૂછપરછ કરશે અને વન એક્સ બેટ સટ્ટાબાજી એપ સંબંધિત તપાસમાં (PMLA) હેઠળ તેમનું નિવેદન રેકોર્ડ કરશે. એવું માનવામાં આવે છે કે ભૂતપૂર્વ ભારતીય ઓપનર શિખર ધવન કેટલીક જાહેરાતો દ્વારા આ સટ્ટાબાજી એપ સાથે સંકળાયેલો હતો. ED શિખર પાસેથી સ્પષ્ટતા લઈને સમગ્ર મામલાની તપાસ કરવા માંગે છે. પહેલા પણ ઘણા ખેલાડીઓ તેની રડારમાં આવી ચૂક્યા છે. એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આમાં ઘણા વધુ હસ્તીઓ પણ સામેલ હોઈ શકે છે.

## તંત્રી લેખ......

### ટ્રમ્પનો બળાપો, નવારોનો લવારો...

ચીનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શી જિનપિંગ અને રશિયાના પુતિને જે ઊમળકાથી આવકાર આપ્યો અને વ્યાપારમાં ‘દાદાગીરી’ને વખોડવામાં આવી તે જોઈને પ્રેસિડેન્ટ ટ્રમ્પ ઊકળી ઊઠયા છે. સાચું પૂછો તો દુનિયાની નજર સામે જાણે એમનું નાક કપાયું છે, તેથી હવે અશોભનીય બફાટ કરવા લાગ્યા છે. રશિયા સાથે ભારતનું અર્થતંત્ર પણ મૃત્યુશૈયા ઉપર છે - મરવા પડયું છે - ભલે મારે શું? એવો બળાપો કાઢી રહ્યા છે અને પ્રેસિડેન્ટ પાસેથી પ્રેરણા લઈને એમના વ્યાપાર ખાતાના સલાહકાર પીટર નવારોનો સન્નિપાત - લવારો પણ શરૂ થયો છે! આપણા સ્વદેશી વિરોધી નેતાઓની જેમ ભારત સામે વ્યાપાર યુદ્ધમાં ફસાયા પછી ટાંગ ઊંચી બતાવવા માટે બેફામ આક્ષેપો કરી રહ્યા છે. રશિયા પાસેથી ક્રૂડ તેલ સસ્તા ભાવે લઈને પછી રિફાઈન કરીને અન્ય દેશોને વેચીને નફાખોરી કરે છે! ભારતના ગરીબ લોકોના ઉદ્ધારને બદલે ‘બ્રાહ્મણ વર્ગ’ માલેતુજાર બન્યો છે - આપણે આ બંધ કરાવવાની જરૂર છે? વ્લાદિમીર પુતિન માટે વ્લાદિમીર પાંડે વિશેષણ વાપર્યું છે. નવારોનો આ લવારો આપણા વિરોધી નેતાઓને મોદી સામે આક્ષેપો કરવાનો ખોરાક જરૂર પૂરો પાડશે. ભારતના ગરીબ વર્ગની ચિંતા અમેરિકાને ક્યારે, ક્યાંથી શરૂ થઈ ? મૂળ તો દુઃખે છે પેટ અને કૂટે છે માથું! ભારત અમેરિકાની ધમકીઓ ઘોળીને પી જાય છે! રશિયાનું ક્રૂડ તેલ મળે છે, તો ભારતમાં પેટ્રોલ - ડીઝલ - ગેસના ભાવ વધ્યા નથી - પણ કદાચ અમેરિકાની ઈચ્છા અને ગણતરી ભારતમાં અશાંતિ અને અસ્થિરતા ઊભી કરવાની છે અને આ ચાલબાજી નિષ્ફળ ગઈ તેની નિરાશા છે! ભારતની મોટી લોકશાહીના ગ્રેટ - મહાન નેતા મોદી પુતિન અને શી જિનપિંગના પડખે કેમ ચડયા? એમ કહીને કહે છે ભારતના લોકોએ શું થઈ રહ્યું છે તે સમજવાની જરૂર છે! આ ટ્રમ્પ અને નવારોને હવે તો ભાન થવું જોઈએ કે, ભારતના લોકો સમજી ગયા છે કે, અમેરિકા અને વિરોધ પક્ષો ભારતના વિકાસને તોડવા - રોકવા માગે છે - અને તેનો જવાબ આપી દીધો છે! અમેરિકામાં પણ ટ્રમ્પના બળાપા અને નવારોના લવારા સામે સખત અણગમો વ્યક્ત થાય છે. આ ભાષા અમેરિકાના પ્રમુખને શોભતી નથી - એવી ટીકા માતબર મીડિયામાં થઈ રહી છે. ટ્રમ્પની બિનજરૂરી ધમકીઓના પરિણામે ભારતે ચીનનો હાથ પકડયો છે, એમ છડેચોક કહેવાય છે. શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં નરેન્દ્ર મોદીની વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગ સાથેની સાહજિક શારીરિક ભાષા, હાથ પકડીને મિત્રતાપૂર્ણ વાતચીત, ઘોષણાપત્રમાં ભારતની વાત માનવી... આ બધી બાબતોની અમેરિકન મીડિયામાં ખૂબ ચર્ચા થઈ છે. રૂસ, ભારત, ચીનના ત્રેખડની વિશેષ નોંધ લેવાઈ છે. ભારતનો માલ અમેરિકામાં ધૂમ વેચાય છે, પણ અમેરિકાની માલની આયાત ભારત કરતું નથી એવી ફરિયાદ માત્ર આક્ષેપ છે. ટ્રમ્પને હકીકત - આંકડાઓ સાથે લેવાદેવા જ નથી! હવે ભારતમાં વિરોધ પક્ષો સ્વદેશાભિમાન દર્શાવે છે કે, ટ્રમ્પ પઢાવે તેમ પોપટિયું બોલે છે - તે જોવાનું છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં થાક ખાતી તેજીઃ સોનાનો વાયદો રૂ.૮૯૫ અને ચાંદીનો વાયદો રૂ.૧,૨૭૬ ઘટ્યો

**ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪૨ની નરમાઈઃ એલચી, મેન્થા તેલના વાયદામાં સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૩૬૨.૬૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૫૮૬૧.૭૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૭૦૯૪.૯૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૪૮૯૪ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૬૨૨૬.૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૦૩૬૨.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૫૮૬૧.૭૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૮૯૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૩૩૬.૮૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૭૦૯૪.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૬૭૭૪ અને નીચામાં રૂ.૧૦૫૮૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૦૭૧૯૫ના આગલા બંધ સામે રૂ.૮૯૫ ઘટી રૂ.૧૦૬૩૦૦ થયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૩૭ ઘટી રૂ.૮૫૩૧૧ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૮૫ ઘટી રૂ.૧૦૬૮૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮૭ ઘટી રૂ.૧૦૫૪૯૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૬૩૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૬૫૬૮ અને નીચામાં રૂ.૧૦૫૫૦૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૭૧૯૮ના આગલા બંધ સામે રૂ.૮૪૬ ઘટી રૂ.૧૦૬૩૫૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૩૯૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૪૯૫૦ અને નીચામાં રૂ.૧૨૩૭૨૧ના મથાળે અથડાઈ, રૂ.૧૨૫૮૭૨ના આગલા બંધ સામે રૂ.૧૨૭૬ ઘટી રૂ.૧૨૪૫૯૬ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૨૨૮ ઘટી રૂ.૧૨૪૪૫૦ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૨૧૪ ઘટી રૂ.૧૨૪૪૪૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૨૮૨.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૫૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૫૪ અને નીચામાં રૂ.૩૬૪૪ના મથાળે અથડાઈ, રૂ.૪૮ ઘટી રૂ.૩૭૩૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૬૧૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૨૪ અને નીચામાં રૂ.૫૫૫૫ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૩૪ના આગલા બંધ સામે રૂ.૪૨ ઘટી રૂ.૫૫૯૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૪૪ ઘટી રૂ.૫૫૯૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૯ વધી રૂ.૨૭૩.૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૩.૭ વધી રૂ.૨૭૨.૯ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૮૭.૯ના ભાવે ખૂલી, ૭૦ પૈસા વધી રૂ.૯૯૩.૯ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૬૫ના ભાવે ખૂલી, રૂ.૮ વધી રૂ.૨૫૬૯ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૧૦૪૦.૮૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬૦૫૪.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૬૬૫.૭૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૯૪.૬૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૨.૬૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૨૫.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૮૦.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૮૧.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૬૨૦.૯૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૩.૫૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૬૧ કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૧૬૭૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૦૧૦૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૮૮૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૯૯૭૯૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૭૭૭૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૬૨૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૯૦૫૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૫૦૮૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૮૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૮૫૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૦૪૮૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૪૭૯૯ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૪૮૯૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૪૭૬૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૩૮ પોઈન્ટ ઘટી ૨૪૮૯૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૬.૭ ઘટી રૂ.૧૩૫.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯૫ વધી રૂ.૧૬.૨ના ભાવે બોલાયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૧.૫ ઘટી રૂ.૫૩૬ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૭૨.૫ ઘટી રૂ.૬૧૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૬૪ ઘટી રૂ.૬.૫ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૮ ઘટી રૂ.૫.૪૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૮.૨ વધી રૂ.૧૫૭.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૫ ઘટી રૂ.૧૧.૯ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦ વધી રૂ.૩૪૫.૫ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૯૩ વધી રૂ.૧૧૯૦ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૬૧ વધી રૂ.૧૧.૨૧ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૬૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૫ પૈસા વધી રૂ.૦.૬ના ભાવે બોલાયો હતો.

### હવે ડ્રાઈવિંગ ટેસ્ટમાં ‘સેટિંગ’માં કોઈ કામ નહીં થાય

# ગાંધીનગરના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર AI કેમેરા લગાવાયા

### આ એક ખૂબ જ સારો અને પ્રગતિશીલ નિર્ણય છે જે ડ્રાઈવિંગ ટેસ્ટ પ્રક્રિયામાં પારદર્શિતા-ચોકસાઈ લાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરના ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર AI કેમેરા લગાવવામાં આવ્યા છે. અત્યાર સુધી ડ્રાઈવિંગ ટેસ્ટનું મૂલ્યાંકન સેન્સર અને કેમેરા-આધારિત સિસ્ટમ અને ઈન્સ્પેક્ટર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવતું હતું. પરંતુ હવે આ સમગ્ર પ્રક્રિયા AI દ્વારા સંચાલિત થશે. આ નવી સિસ્ટમ ઘણી વધુ અદ્યતન અને ચોક્કસ છે. તે ડ્રાઈવર દ્વારા નિયમોનું પાલન થયું છે કે નહીં તે બારીકાઈથી તપાસશે. આનાથી પરિણામોમાં માનવીય હસ્તક્ષેપની શક્યતા નહિવત્ થઈ જશે. નોંધનીય છે કે, હાલમાં ગાંધીનગર RTO માં દરરોજ ૨૦૦થી વધુ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરના ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાય છે અને આગામી સમયમાં પણ AI સિસ્ટમ દ્વારા આટલા જ ટેસ્ટ લેવાનું આયોજન છે. આ ટેસ્ટનો ડેટા સીધો જ સારથી એપ્લિકેશનમાં ઓનલાઈન અપડેટ થઈ જશે, જેનાથી પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનશે. આ પગલું ગુજરાતને માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં એક અગ્રણી રાજ્ય તરીકે સ્થાપિત કરશે. AI દ્વારા ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાનો નિર્ણય સુપ્રીમ કોર્ટના મુખ્ય ઉદ્દેશ સાથે સુસંગત છે. સુપ્રીમ કોર્ટે ૨૦૩૦ સુધીમાં માર્ગ અકસ્માતોમાં થતા માનવ મૃત્યુની સંખ્યામાં ૫૦% ઘટાડો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. યોગ્ય અને કડક ડ્રાઈવિંગ ટેસ્ટ પ્રક્રિયા દ્વારા, અકસ્માતોની સંખ્યામાં ચોક્કસપણે ઘટાડો કરી શકાય છે.

AI ટેકનોલોજીના અમલથી ડ્રાઈવિંગ ટેસ્ટ પાસ થવાનું પ્રમાણ થોડું ઓછું થવાની શક્યતા છે. આનું કારણ એ છે કે AI સિસ્ટમ એક પણ નાની ભૂલને પણ અવગણશે નહીં. જ્યારે કોઈ માનવ નિરીક્ષક ઘણીવાર નાની ભૂલોને માફ કરી શકે છે, ત્યારે છૈં સિસ્ટમ નિયમોનું સખતપણે પાલન સુનિશ્ચિત કરશે. આનાથી ખરેખર કુશળ અને નિયમોનું પાલન કરતા ડ્રાઈવરો જ લાઈસન્સ મેળવી શકશે, જે રસ્તાઓ પર સુરક્ષામાં વધારો કરશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત પહેલેથી જ ઓટોમેટિક ડ્રાઈવિંગ ટેસ્ટ સિસ્ટમ અપનાવી ચૂક્યું છે, જેના કારણે આપણે અન્ય રાજ્યોની સરખામણીમાં ઘણા આગળ છીએ. ઘણા રાજ્યોમાં હજુ પણ ડ્રાઈવિંગ ટેસ્ટ મેન્યુઅલી જ લેવાય છે.

## રાજ્યમાં અત્યારસુધીમાં ‘બોઈલર તંત્ર’ દ્વારા નોંધાયેલા કાર્યરત બોઈલરોનું ૧૦૦ ટકા નિરીક્ષણઃ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં એકપણ પ્રાણઘાતક અકસ્માત નહીં

### વર્ષ ૨૦૨૨ થી ૨૫ દરમિયાન રાજ્યમાં કુલ ૨૩ હજાર કરતાં વધુ બોઈલર અને ૬૭૫ ઈકોનોમાઈઝરને પ્રમાણિત કરાયા

ગુજરાત આજે અનેક મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોનું હબ છે. આ ઉદ્યોગોમાં વપરાતા બોઈલરોના ઉપયોગ દરમિયાન એક્સપ્લોઝન-વિસ્ફોટની ઘટના અટકાવીને જાનમાલ-મિલકતનું રક્ષણ કરવા રાજ્ય સરકારનો ટેકનોક્રેટ વિભાગ એટલે ‘બોઈલર તંત્ર’. શ્રમ આયુક્તશ્રીની સીધી દેખરેખ હેઠળ ચાલતા આ બોઈલર તંત્ર દ્વારા અત્યારસુધીમાં રાજ્યમાં નોંધાયેલા તમામ કાર્યરત બોઈલરોનું ૧૦૦ ટકા નિરીક્ષણ કરવામાં આવ્યું છે. આમ, આ કચેરી થકી કરવામાં આવતી અસરકારક કામગીરીના પરિણામે છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં એકપણ પ્રાણઘાતક અકસ્માત નોંધાયા નથી.

ઉદ્યોગ અને શ્રમ-રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત તથા શ્રમ-રોજગાર રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના નેતૃત્વમાં ‘બોઈલર તંત્ર’ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યમાં કુલ ૨૩,૭૧૯ બોઈલર અને ૬૭૫ ઈકોનોમાઈઝરને પ્રમાણિત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૨૨ કરોડ જેટલુ બજેટ ફાળવવામાં આવ્યું છે, જે અન્વયે નિરીક્ષણ ફી થકી રૂ. ૩૬ કરોડથી વધુની માતબર આવક પણ થઈ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ‘બોઈલર તંત્ર’ રાજ્યના વિકાસ સાથે જાહેર સલામતીના લક્ષ્યાંકનો હેતુ પાર પાડવા તેમજ આજના સમયની માંગને પહોંચી વળવા હંમેશા અસરકારક અને ગુણાત્મક સેવાઓ પૂરી પાડે છે. ‘બોઈલર તંત્ર’ દ્વારા ઉદ્યોગોમાં ઉત્પાદનને અસર ન થાય તે રીતે શ્રમિક અને સંપત્તિને અકસ્માતોથી બચાવવા, બોઈલર કાયદાઓનું અસરકારક અમલીકરણ કરી કાયદાકીય રક્ષણ-સલામતી પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત ‘બોઈલર તંત્ર’ દ્વારા ઊર્જા શક્તિનો બચાવ કરી પર્યાવરણની જાળવણી કરવી, ઔદ્યોગિક સલામતી અને શાંતિનું વાતાવરણ સ્થપાય, ઉદ્યોગોમાં પ્રમાણિત સક્ષમ અને કુશળ માનવબળ પૂરું પાડી કામદારોનો ઉત્કર્ષ-વિકાસ કરવો, રાષ્ટ્રીય સંપત્તિનું નુકશાન અટકાવવું તેમજ બોઈલરોની સલામતી અને કાર્યક્ષમતામાં સતત સુધારણા કરવા જેવી વિવિધ કામગીરી પણ કરવામાં આવે છે. બોઈલર અધિનિયમ-૨૦૨૫ મુજબ જેની વોલ્યુમેટ્રીક કેપેસીટી ૨૫ લિટરથી વધુ તથા વર્કિંગ ગેજ પ્રેશર ૧ દ્મખ્ત/ષ્ઠદ્બર કરતાં વધુ હોય તેમજ પાણી ૧૦૦ અંશ સેલ્સીયસ કરતાં વધુ તાપમાને ગરમ થતું હોય તેવા તમામ બોઈલરો કે સ્ટીમ જનરેટરોનો ઉપયોગ નિયમોનુસાર નોંધણી કર્યા વિના કરી શકાશે નહી, તેમ બોઈલર તંત્રની યાદીમાં જણાવાયું છે. - જીગર બારોટ

### યે રિશ્તા ક્યા કહેલાતા હૈથી જાણીતો થયો

## ટીવી અભિનેતા આશિષ કપૂરની દુષ્કર્મ કેસમાં ધરપકડ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

પોપ્યુલર ટીવી અભિનેતા આશિષ કપૂર પર દુષ્કર્મનો આરોપ લાગ્યો છે, જેનાથી ચાહકો ચોંકી ગયા છે. અભિનેતાની પુણે પોલીસે ધરપકડ કરી લીધી છે. પીડિતાએ ઓગસ્ટમાં દિલ્હીમાં એક હાઉસ પાર્ટી દરમિયાન આશિષ કપૂર પર બાથરૂમમાં દુષ્કર્મ કરવાનો આરોપ લગાવ્યો છે. દિલ્હીના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં આશિષ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. આશિષ કપૂર ટીવી જગતનો એક જાણીતો ચહેરો છે. ટીવી ઉપરાંત તેણે ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તે ઈન્સ્ટાગ્રામ પર પણ એક્ટિવ છે અને તેની સારી ફેન ફોલોઈંગ છે. જોકે, હવે આ એકાઉન્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. આશિષ કપૂર સરસ્વતીચંદ્ર, લવ મેરેજ યા અરેન્જડ મેરેજ, ચાંદ છુપા બાદલ મેં, શ્શ્શ... ફિર કોઈ હૈ, સસુરાલ સિમર કા ૨, સાત ફેરે-સલોની કા સફર, દેખા એક મો ખ્વાબ, મોલક્કી રિશ્તો કી અગ્નિપરીક્ષા, યે રિશ્તા ક્યા કહેલાતા હૈ, વો અપના સા અને બંદિની જેવા ટીવી શોમાં નજર આવી ચૂક્યો છે. તેણે ટેબલ નંબર ૨૧ અને કુર્બાન જેવી ફિલ્મો પણ કામ કર્યું છે. આશિષને ટીવી શો દેખા એક ખ્વાબમાં ઉદયવીર સિંહના પાત્રથી લોકપ્રિયતા મળી હતી. ટીવીની દુનિયામાં આવતા પહેલા આશિષ કપૂરે ઈન્ટિરિયર ડિઝાઈનર તરીકે પણ કામ કર્યું હતું. તેણે ટીવી શો શ્શ્શ...કોઈ હૈ થી એક્ટિંગ ડેબ્યૂ કર્યું હતું. આશિષ કપૂર પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ખૂબ ચર્ચામાં રહ્યો છે. તે પહેલા કો-સ્ટાર પ્રિયલ ગૌરને ડેટ કરી રહ્યો હતો, પરંતુ બાદમાં તેમનું બ્રેકઅપ થઈ ગયું. બ્રેકઅપ પછી પણ તેમની મિત્રતા ચાલુ રહી. બાદમાં આશિષે અલ્બેનિયન મોડેલ ઈલ્ડા ક્રોનીને ડેટ કરી. આ સંબંધ પણ તૂટી ગયો. આશિષ કપૂરે એપ્રિલ ૨૦૨૧માં ટીવી પ્રોડ્યૂસર પર્લ ગ્રે સાથે સગાઈ કરી હતી. બંનેએ મેચિંગ ટેટૂ પણ બનાવ્યા હતા. પર્લ ગ્રે અને આશિષની મુલાકાત ટીવી શો મન કી આવાઝ પ્રતિજ્ઞા ૨ ના સેટ પર થઈ હતી. જોકે, માત્ર એક જ વર્ષમાં તેમની સગાઈ તૂટી ગઈ. આશિષ કપૂર લાંબા સમયથી ટીવી અને ફિલ્મોની દુનિયાથી દૂર હતો અને હવે તે દુષ્કર્મના કેસમાં ફસાઈ ગયો છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# મહાપ્રબંધક પશ્ચિમ રેલ્વેએ વડોદરા મંડળના બે કર્મચારીઓને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા

રેલવેના સંચાલનમાં સંરક્ષા સર્વોપરી છે અને તેને સુનિશ્ચિત કરવા માટે દરેક કર્મચારીની સજાગતા અને સતર્કતા અગત્યની ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ વડોદરા મંડળના બે રેલ્વે કર્મચારીઓને તેમના ઉત્તમ કાર્ય માટે સુરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ પુરસ્કારો જૂન અને જુલાઈ ૨૦૨૫ દરમિયાન ડ્યૂટી પર રહેલી સતર્કતા અને સંભવિત અકસ્માતોને સમયસર ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ આપવામાં આવ્યા.



પુરસ્કાર પ્રાપ્ત કરનાર કર્મચારી (૧) શ્રી ગોપાલ મીના, પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળના ‘વડોદરા’ ખાતે સહાયક/દૂરસંચાર તરીકે કાર્યરત છે. તા. ૨૫ જૂન ૨૦૨૫ના રોજ, બીજી (ઈન્ટર) પાળી દરમિયાન ફરજ પર રહેતા, તેઓ એક ટેલિફોન ખામી સુધારવા માટે અનાઉન્સર રૂમમાં ગયા હતા. કાર્ય પૂર્ણ કરી પરત ફરતા સમયે, તેમણે જોયું કે ટ્રેન નંબર ૧૬૫૩૩ ભગત કી કોઠી - બેંગલુરુ એક્સપ્રેસ પ્લેટફોર્મ નંબર ૧ પરથી ધીમે ધીમે રવાના થઈ રહી હતી. એ સમયે એક મુસાફર, જે પ્લેટફોર્મ પર આવેલી ખાવા-પીવાની દુકાનમાંથી સામાન લઈ દોડતો આવી રહ્યો હતો, તેણે ચાલતી ટ્રેનના ૫-૨ કોચમાં ચઢવાનો પ્રયાસ કર્યો. કોચમાં ચઢતા સમયે તેનું સંતુલન બગડી ગયું અને તે પ્લેટફોર્મ પરથી નીચે પડી જવાની સ્થિતિમાં આવી ગયો. ત્યારે શ્રી મીનાએ તત્કાળ ઝડપી અને સમજદારીપૂર્વક પગલું ભરી, મુસાફરને પકડીને ખેંચી લીધો અને ચાલતી ટ્રેનથી સલામત અંતરે રાખ્યો, જેના કારણે મુસાફરની જાન બચી ગઈ. કારણ કે મુસાફરનો સામાન ટ્રેનમાં હતો, તેથી તેણે ફરી ચાલતી ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કર્યો, પરંતુ શ્રી મીનાએ તેને રોકી સમજાવ્યો અને સુરક્ષિત રહેવાની સલાહ આપી. તેમની આ ઝડપી પ્રતિક્રિયા,બહાદુરી અને કર્તવ્યનિષ્ઠાના કારણે એક અમૂલ્ય જીવનની રક્ષા સંભવ થઈ શકી.

(૨) શ્રી અર્જુન વસાવા ‘નબીપુર’ ખાતે ગેટમેન તરીકે કાર્યરત છે. તા. ૨૩.૦૭.૨૦૨૫ના રોજ, શ્રી અર્જુન વસાવા સવારે ૦૭:૦૦ થી બપોરે ૧૫:૦૦ વાગ્યા સુધીની ફરજમાં ન્ઝ નંબર ૧૮૭ પર ગેટમેન તરીકે ડ્યુટી બજાવી રહ્યા હતા. તે સમયે તેમણે ટ્રેન નંબર **BCNE/ADI** ૬૫૦૩૭ની વેગન (લોકો થી ૩૦મી વેગન) માં બ્રેક બાઈન્ડિંગ જોઈ. તેમણે તરત જ ટ્રેન મેનેજરને લાલ સંકેત આપ્યો અને નબીપુર સ્ટેશન સુપરિન્ટેન્ડન્ટને બ્રેક બાઈન્ડિંગની સ્થિતિ અને ટ્રેન મેનેજરને આપવામાં આવેલ લાલ સંકેત વિશે જાણ કરી. પરિણામે, ટ્રેનને નબીપુર યાર્ડમાં રોકવામાં આવી. બ્રેક બાઈન્ડિંગની સ્થિતિની તપાસ સહાયક લોકો પાયલટ દ્વારા કરવામાં આવી અને તેને "રિલીઝ અને આઈસોલેશન" પદ્ધતિથી સુધારવામાં આવી. સુરક્ષા સુનિશ્ચિત થયા બાદ ટ્રેનને આગળ વધવાની મંજૂરી આપવામાં આવી.

તેમની અસાધારણ સતર્કતા અને તાત્કાલિક કાર્યવાહીથી એક સંભવિત ગંભીર અકસ્માતને ટાળી શકાયો અને રેલ્વે સંપત્તિને ભારે નુકસાનથી બચાવી શકાયું.

મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ પુરસ્કાર મેળવનાર કર્મચારીઓની સજાગતાની પ્રશંસા કરતાં જણાવ્યું કે આ તમામ કર્મચારીઓ પોતાના કાર્ય પ્રત્યે સમર્પિત રહીને અન્યો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. આ કર્મચારીઓએ બ્રેક બાઈન્ડિંગ, માનવજીવનની રક્ષા જેવા વિવિધ સુરક્ષા ક્ષેત્રોમાં સક્રિય યોગદાન આપી ટ્રેનોનું સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા પોતાના અદમ્ય ઉત્સાહ અને પ્રતિબદ્ધતાનું પ્રદર્શન કર્યું છે. પશ્ચિમ રેલવેને આવા કર્મચારીઓ પર ગૌરવ છે, જે વિકટ પરિસ્થિતિમાં પણ ધીરજ અને સમજદારી સાથે કાર્ય કરે છે અને રેલ સંચાલનની સુરક્ષા સુનિશ્ચિત કરે છે. આ સન્માન માત્ર તેમના વ્યક્તિગત પ્રયાસોની પ્રશંસા નથી, પરંતુ પશ્ચિમ રેલવેની તે સંસ્કૃતિનું પ્રતિબિંબ પણ છે, જ્યાં સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે.

## વડોદરામાં પેસેન્જરને છરી બતાવી લૂંટ કરનાર બે શખ્સ ઝબ્બે

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના છાયાપુરી રેલ્વે સ્ટેશન ખાતે પેસેન્જરને છરી બતાવી લુંટ કરી બે શખ્સો ભાગી ગયા હતા. ત્યારે રેલવે એલસીબી પોલીસે મિશન ક્લીન સ્ટેશન અંતર્ગત અલગ અલગ ટીમો બનાવીને લૂંટ કરનાર બે આરોપીને ઝડપી પાડ્યા હતા.પોલીસ અધિક્ષક અભય સોની પશ્ચિમ રેલવે વડોદરા દ્વારા મિશન ક્લીન સ્ટેશન અભિયાન ચલાવવામાં આવેલ હોય જે અંતર્ગત રેલ્વે ટ્રેનો તથા રેલ્વે સ્ટેશન ઉપર બનવા પામેલા ચોરીઓના વણ શોધાયેલ ગુનાઓ શોધી કાઢવા અને આવા ગુનાઓ ફરીથી ન બને તે અંગે જરૂરી તકેદારી રાખવા ખાસ સુચનાઓ આપવામાં આવી છે. જેના આધારે એલ.સી.બી સ્ટાફના પોલીસ માણસો વડોદરા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હાજર હતાં. તે દરમ્યાન બાતમી હકિકત તથા હ્યુમન ઈન્ટેલીજન્સ આધારે માહિતી મળેલ કે, છાયાપુરી રેલ્વે સ્ટેશન ખાતે થયેલ લુંટ કરવાવાળા ઈસમો વડોદરા રેલ્વે સ્ટેશન પ્લે.નં.૬ રીઝર્વેશન ઓફીસની પાછળ બે ઈસમ સોનુ મનિષભાઈ શર્મા તથા નજરૂલ જમશેદઅલી શેખ અને નિર્મલ ઉર્ફે બર્જુન ઉર્ફે કાઠીયાવાડી હસમુખભાઈને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ રૂપિયા ૧.૦૫ લાખ અને બે મોબાઈલ રૂપિયા ૧૬૦૦૦ મળી કુલ ૧.૨૧ લાખનો મુદ્દા માલ બંને પાસેથી રિકવર કર્યો હતો.

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# બનાસકાંઠા જિલ્લાના ડીસામાં બનાવટી ચલણી નોટો છાપવાની ફેકટરી ઝડપાઈ: ૩૯ લાખની નકલી ચલણી નોટો મળી આવી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ



બનાસકાંઠા જિલ્લાના ડીસામાં બનાવટી ચલણી નોટો છાપતી ફેકટરી ઝડપાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ડીસાના મહાદેવીયા ગામે બાતમીના આધારે પોલીસે રેડ પાડીને નકલી નોટ છાપતી ફેકટરી ઝડપી લીધી હતી અને ૩૯ લાખ રૂપીયાની નકલી ચલણી નોટો સાથે બે આરોપી શખ્સોને ઝડપી લીધા હતા, પોલીસે સ્થળ પરથી ૫ પ્રિન્ટર તથા સ્ટેશનરીનો સામાન પણ કબ્જે કર્યો હતો.

રાયમલ નામનો રીઢો ગુન્હેગાર પણ સ્થળ પર થી ઝડપાયો હતો, જેણે માસ્ટર માઈન્ડ સંજય સોનીની સાથે મળીને આ નકલી ચલણી નોટો બનાવવાની ફેકટરી ઉભી કરી હતી, જિલ્લાના ડીસાના મહાદેવીયા ગામમાં એક ખેતરમાં ભોયરૂ બનાવીને કેટલાક લોકો નકલી ચલણી નોટો છાપે છે તેવી પોલીસને બાતમી મળી હતી, બનાસકાંઠા જિલ્લા પોલીસે મળેલી બાતમીના આધારે ખેતરમાં રેડ પાડી હતી, પોલીસ જયારે ખેતરમાં તપાસ કરવા પહોચી ત્યારે ખેતરમાં બનાવેલુ એક ભોયરૂ નજરે પડયુ હતું. પોલીસે ભોયરામાં જતા જ પોલીસની આંખો પહોળી થઈ ગઈ હતી કારણ કે ત્યાં બે વ્યકિતઓ બિંદાસપૂર્વક બનીને નકલી ચલણી નોટો છાપી રહ્યા હતા. પોલીસે ભોયરામાંથી તપાસ કરીને રૂપીયા ૩૯ લાખની નકલી ચલણી નોટો ઝડપી લીધી હતી.

આ શખ્સો રાયમલ પરમારના ખેતરમાં ભોયરૂ બનાવીને નકલી ચલણી નોટો છાપી રહ્યા હતા જેથી પોલીસે નકલી ચલણી નોટો સાથે બે આરોપી શખ્સોને ઝડપી લીધા હતા. જયારે સંડોવાયેલો એક શખ્સ ફરાર થઈ જતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી તપાસ શરૂ કરી છે. તપાસમાં બહાર આવ્યુ હતુ કે ફરાર સંજય સોની સમગ્રકાંડનો માસ્ટર માઈન્ડ છે. જયારે પકડાયેલો રાયમલ રીઢો ગુન્હેગાર છે, તેની સામે ખંડણી, પ્રોહિબીશન, મારામારી સહિત ૧૬ ગુન્હા દાખલ થયેલા છે અને તેને પાસામાં પણ ધકેલાયો હતો. પાસામાંથી બહાર નિકળ્યા બાદ તેણે સંજય સાથે મળીને નકલી નોટ છાપવાનુ શરૂ કર્યુ હતું. રાયમલ ની સાથે કૌશિક શ્રીમાળી ની પણ ધરપકડ કરવામાં આવી છે, અર્થતંત્રને ખોખલુ કરવાના ઈરાદાથી આ શખ્સો નકલી ચલણી નોટો છાપી રહ્યા હતા. તેમની સાથે અન્ય કોણ કોણ સંડોવાયેલુ છે અને આ નકલી ચલણી નોટો છાપવાનુ કયારથી શરૂ કરાયુ હતુ અને અત્યાર સુધીમાં કેટલી ચલણી નોટો બજારમાં ફરતી મુકાઈ છે, સહિતના મુદ્દે પોલીસ તપાસ કરી રહી છે.

# તમને સત્તા આપી છે એટલો તો ઉપયોગ કરો : રાજકોટ સીવીલ હોસ્પીટલના તબીબી અધિકારીઓની ઝાટકણી કાઢતા આરોગ્ય કમિશ્નર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજયના આરોગ્ય કમિશ્નર ડો.હર્ષદ પટેલે આજે ગુરૂવારે રાજકોટ સીવીલ હોસ્પીટલની મુલાકાતે આવ્યા હતા અને સુપ્રિટેન્ડેન્ટ ઓફીસના કોન્ફરન્સ રૂમ ખાતે મેરેથોન બેઠક યોજી હતી, બેઠકમાં આરોગ્ય કમિશ્નર, હોસ્પીટલની વહિવટી પ્રક્રિયા સહિતની વ્યવસ્થાને લઈને આકરા પાણીએ થયા હતા અને સીવીલ સુપ્રિટેન્ડેન્ટ સહિતના તબીબી અધિકારીઓને ખખડાવતા કહ્યુ હતુ કે આટલી મોટી હોસ્પીટલ ચલાવવા માટે બેસડયા છે અને સત્તા આપવામાં આવી છે, તો તેનો ઉપયોગ કરવાને બદલે દરેક નાના મોટા નિર્ણય લેવા સહિતની બાબતે ગાંધીનગર કાગળ શુ કામ લખો છો? જો તમારા લેવલના નિર્ણયો પણ અમારે લેવાના હોય તો તમને શા માટે બેસડયા છે ? આ તમારા લોકોનુ ઈન્ડીકયુટીવ બી હેવીયર હોવાનુ કહી એમ પણ કહ્યુ હતુ કે જો આવુ જ રહ્યુ તો અમારે બીજા માણસો બેસાડવા પડશે અને બદલવા પડશે, આ કહેતા જ કોન્ફરન્સમાં રૂમમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. આ ઉપરાંત આરોગ્ય કમિશ્નરે દવાની ખરીદી બાબતેનુ પુછતા ૨૦.૪૭ કરોડની દવાની ખરીદી કરવામાં આવી હોવાનુ ઓન પેપર સામે આવતા આરોગ્ય કમિશ્નર વધુ ભડકયા હતા, તેમણે કહ્યુ હતુ કે જીએમસીએસએલ માં થી જે દવા ન આવતી હોય તે બહાર થી ઈમરજન્સીમાં વધુ પૈસા આપી બજારમાંથી ખરીદી કરવી પડે એ સ્વભાવિક બાબત છે, પરંતુ ૫ ઘણા ભાવે ખરીદી કરવી એ પણ યોગ્ય નથી તેવુ કહી ૨૦.૪૭ કરોડની દવાની ખરીદીના બીલ માંગ્યા હતા અને ઓડીટ કરવા માટેની સુચના આપી હતી, જવાબદારો બીલની પ્રિન્ટ કાઢી નથી લાવ્યા હોવાનુ કહેતા જ કમિશ્નરે રીતસર ઉધડો લીધો હતો. હોસ્પીટલમાં કંડમ હાલતમાં પડેલી એમ્બ્યુલન્સનો તાકીદે નિકાલ કરવો તેમજ હોસ્પીટલમાં પ્રાઈવેટ એમ્બ્યુલન્સ એકપણ ઉભી રાખવી ન જોઈએ તેવી કડક શબ્દોમાં સુચના આપવામાં આવી હતી. આ ઉપરાંત સફાઈના મુદ્દે પણ વધુ ભાર મુકયો હતો. કમિશ્નર ડો. હર્ષદ પટેલે શહેર



અને જિલ્લાના આરોગ્ય કેન્દ્રની સ્થિતિ અંગેની જિલ્લા અને કોર્પોરેશનના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી સમીક્ષા કરી હતી. આ ઉપરાંત આરોગ્ય કમિશ્નર રોગી કલ્યાણ સમિતિના અધ્યક્ષ હોવાથી રોગી કલ્યાણ સમિતિની આવક જાવકનુ વાર્ષિક ઈન્સ્પેકશન કર્યુ હતું. આરોગ્ય કમિશ્નરની મુલાકાત દરમિયાન બેઠકમાં હાજર સાંસદ રામભાઈ મોકરીયાએ દર્દીઓના દૈનિક ડેટા, હોસ્પીટલના ધોબીના બીલ, આઉટસોર્સ મેઈન પાવર તેમજ સીએમ સેતુ હેઠળ આવતા તબીબો અંગેના પ્રશ્નો અને માહિતી સુપ્રિટેન્ડેન્ટ માગી હતી.

# વડોદરામાં જોરદાર વરસાદ ખાબકતા બાજવા રેલવે ગરનાળુ ફરી ભરાઈ જતા મુશ્કેલી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં છાણી-બાજવા રોડ પર બાજવા રેલવે ગરનાળુ ગઈ રાત્રે પાડેલા વરસાદના કારણે છલોછલ ભરાઈ જતા વાહન વ્યવહાર થંભી ગયો છે. ગરનાળામાં પાણી ભરાતા એક ટેક્ર નીકળવા જતા ફસાયું હતું. જ્યારે બીજી બાજુ રોડ પર ગરનાળામાંથી પસાર થવા વાહનોની લાઈન લાગી ગઈ હતી. ગરનાળામાંથી પાણી ખાલી કરવા પંપ ચાલુ કરવાનું કામ હાથ પર લેવાયું હતું. દર ચોમાસામાં વરસાદી પાણીથી ભરાઈ જતા માથાના દુખાવા સમાન આ ગરનાળુ બની જાય છે, અને મુશ્કેલી સર્જી દે છે.ગરનાળામાં પાણી ભરાતા છાણીથી બાજવા, ઉંડેરા, કરોડીયા, જીએસએફસી બાજુ વગેરે સ્થળે જવાનો વ્યવહાર બંધ થઈ જાય છે. જેથી લોકોને ફરીને રણોલી, નંદેસરી બાજુથી જવું પડે છે. છેલ્લા પાંચ વર્ષથી આ મુદ્દે રજૂઆત કરવામાં આવે છે, પરંતુ કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. અહીં બ્રિજ બનાવવાનું આયોજન વિચાર્યું છે. પરંતુ બ્રિજનો ખર્ચ અડધો રેલવે આપે અને અડધો કોર્પોરેશન તે મુદ્દે હજુ નિર્ણય લેવાનો બાકી છે. વધતા વાહન વ્યવહારને જોતા ગરનાળુ અહીં ડબલ બનાવવું જરૂરી બની ગયું છે.

# રેલવે પ્રોટેક્શન ફોર્સ, વડોદરા મંડળ દ્વારા સમપાર ફાટકો (LC Gate) પર જનજાગૃતિ અભિયાન તથા કાનૂની કાર્યવાહી

રેલવે પ્રોટેક્શન ફોર્સ, વડોદરા મંડળ દ્વારા સમયાંતરે જનજાગૃતિ અભિયાન ચલાવીને નાગરિકોને રેલવેના સમપાર ફાટકો સતર્કતા સાથે પાર કરવા માટે જાગૃત કરવામાં આવે છે. મુસાફરો તથા વાહનચાલકોને સમજાવવામાં આવે છે કે સમપાર ફાટક પર નક્કી કરાયેલા નિયમોનું પાલન કરવું તેમની પોતાની તથા અન્ય લોકોની સુરક્ષા માટે અત્યંત આવશ્યક છે. તેમ છતાં, કેટલાક વ્યક્તિઓ ઉતાવળમાં પોતાના વાહનો સાથે સમપાર ફાટક પાર કરવાનો પ્રયાસ કરે છે, જેના પરિણામે રેલવેના ફાટકોને નુકસાન થાય છે. આવી બેદરકારી ગંભીર ગુનો ગણાય છે. ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન આવા કુલ ૦૫ બનાવોમાં રેલવે સુરક્ષા દળે તાત્કાલિક કાર્યવાહી કરતાં ૦૩ વ્યક્તિઓને રેલ અધિનિયમ હેઠળ ઝડપીને ન્યાયાલય સમક્ષ રજુ કર્યા હતા તથા તેમને દંડિત કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રેલવે સુરક્ષા દળ, વડોદરા મંડળ તમામ નાગરિકોને અપીલ કરે છે કે તેઓ સમપાર ફાટકો પર સતર્કતા રાખે અને નિયમોનું પાલન કરે, જેથી તમારી તેમજ અન્ય સૌની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

# ૫ સપ્ટેમ્બરના રોજ ૨ કલાક માટે ગોઝારિયા રેલવે ફાટક નં. ૭૭ અને રેલ્વે ફાટક નં. ૭૮ ટ્રાફિક માટે બંધ રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર વિસનગર-ગાંધીનગર હાઈવે વચ્ચે આવેલ ગોઝારિયા રેલ્વે ફાટક નંબર ૭૭ અને મહેસાણા-ગાંધીનગર હાઈવે વચ્ચે આવેલ રેલવે ફાટક નં ૭૮ તારીખ ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ બે કલાક માટે માર્ગ યાતાયાત બંધ રહેશે.

આંબલિયાસન-બીજાપુર રેલવે લાઈન ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ હેઠળ વિસનગર-ગાંધીનગર હાઈવે પર ગોઝારિયા રેલવે ક્રોસિંગ નંબર ૭૭ અને મહેસાણા-ગાંધીનગર હાઈવે વચ્ચે સ્થિત રેલવે ફાટક નં ૭૮ પર રેલવે ટ્રેકનું મશીન ટેમ્પિંગ (MTT) કાર્ય કરવામાં આવશે.

તદનુસાર ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ગોઝારિયા રેલવે ફાટક નં. ૭૭, ૧૧.૦૦ વાગ્યા થી ૧૩.૦૦ વાગ્યા સુધી અને રેલવે ફાટક નં. ૭૮, ૧૪.૦૦ વાગ્યા થી ૧૬.૦૦ વાગ્યા સુધી ૨ કલાક માટે સડક યાતાયાત હેતુ બંધ રહેશે.

# પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે માલ લોડિંગ ક્ષેત્રેમાં ઓગસ્ટ ૨૦૨૫ માં કર્યું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન માલ લોડિંગના ક્ષેત્રમાં અત્યાર સુધીનું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન કરીને આ સમયગાળા દરમિયાન માલ લોડિંગમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.

ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન, મંડળે પ્રતિદિન ૨૯૯૯.૭ વેગનની રેકોર્ડબ્રેક સરેરાશ હાંસલ કરી, જે ઓગસ્ટ ૨૦૨૪માં નોંધાયેલા ૨૪૫૩.૯ વેગનની સરખામણી કરતાં ૨૨.૨૪% વધુ છે. આ ઉપલબ્ધી ઓગસ્ટ ૨૦૨૨માં સ્થાપિત ૨૯૮૦.૧૩ વેગનના અગાઉના સર્વકાલીન સવર્શ્રેષ્ઠ સ્તરને પણ પાર કરી ગઈ.

અમદાવાદ મંડળ દ્વારા ઓગસ્ટ મહિનામાં ગયા વર્ષની સરખામણીમાં લગભગ એક મિલિયન ટનથી વધુ લોડિંગ કર્યું છે. ભારતીય રેલ્વેમાં કોઈપણ મંડળમાં કરવામાં આવેલ આ સૌથી વધુ લોડિંગ છે. કુલ માલ લોડિંગની દ્રષ્ટિએ, મંડળે ૪.૫૪ મિલિયન ટન (એમટી) માલનું સંચાલન કર્યું, જે ઓગસ્ટ ૨૦૨૪ની સરખામણીમાં ૨૫.૮૩% ની મજબૂત વૃદ્ધિ દર્શાવે છે, જ્યારે ૩.૬૧ એમટી માલ લોડિંગ નોંધાયું હતું.

કોમોડિટી વાઈજ લોડિંગમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. ખાતર (ફર્ટિલાઈઝર) લોડિંગમાં નોંધપાત્ર ૧૨૮.૫૫% ની વૃદ્ધિ સાથે સર્વાધિક વૃદ્ધિ નોંધાઈ, ત્યારબાદ મીઠું (ઔદ્યોગિક મીઠા સહિત)માં ૬૮.૮૭%, ઓટોમોબાઈલ્સમાં ૩૯.૬૩%, કન્ટેનરોમા ૬.૯૫% અને પીઓએલ(પેટ્રોલિયમ)માં ૧.૪૬% ની વૃદ્ધિ નોંધાઈ છે.

| કોમોડિટી | સરખામણી % ઓગસ્ટ ૨૦૨૫-ઓગસ્ટ ૨૦૨૪ વેગન/દિવસ |
|---|---|
| ફર્ટિલાઈજર | ૧૨૮.૫૫ |
| મીઠું | ૬૮.૮૭ |
| ઓટોમોબાઈલ | ૩૯.૬૩ |
| કન્ટેનર | ૬.૯૫ |

મંડળે દૈનિકઈન્ટરચેન્જમાં એક નવો માપદંડ પણ સ્થાપિત કર્યો, પ્રતિદિન ૨૧૩.૬૯ ટ્રેનોના સર્વકાલીન ઉચ્ચ સરેરાશ હાંસલ કરી જે ડિસેમ્બર ૨૦૨૩ માં સ્થાપિત ૨૦૮.૭ અગાઉનો રેકોર્ડ તોડી નાખ્યો. મંડળના બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (બીડીયું ) દ્વારા સક્રિય વ્યવસાય વિકાસ પહેલોએ આ સિદ્ધિઓમાં વધુ ફાળો આપ્યો. ગાંધીધામ વિસ્તારમાં, ૯મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સણોસરા ગુડ્સ શેડથી દહેજ (વડોદરા ડિવિઝન) સુધી સૌપ્રથમ ઔદ્યોગિક મીઠાનું રેક લોડ કરવામાં આવ્યું હતું. અમદાવાદ ક્ષેત્રમાં, ૩૦મી ઓગસ્ટ ૨૦૨૫ના રોજ વિરોચન નગરથી મુદ્રા પોર્ટ સુધી પ્રથમ એક્સપોર્ટ કન્ટેનર રેક લોડ કરવામાં આવ્યું હતું.

પશ્ચિમ રેલવેનો પ્રયાસ : લેવલ ક્રોસિંગ દૂર કરીને રેલ સુરક્ષા અને કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો

# ભાવનગર મંડળમાં અંદાજે રૂ. ૩૫૦ કરોડના ખર્ચે બનશે ૪૦ રોડ અન્ડર બ્રિજ

## સુરક્ષા, સુવિધા અને સમયપાલન તરફ સતત પ્રયત્નશીલ : પશ્ચિમ રેલવે





પશ્ચિમ રેલવે પોતાના મુસાફરોને સુરક્ષિત અને આરામદાયક પ્રવાસ અનુભવ પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ છે. આ દિશામાં પશ્ચિમ રેલવેના તમામ ૬ મંડળોમાં મોટાભાગના લેવલ ક્રોસિંગ (ઈન્ટરલોકડ અને નોન-ઈન્ટરલોકડ બંને) બંધ કરીને એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. રેલવે પર લેવલ ક્રોસિંગ બંધ કરવાથી અનેક ફાયદા થાય છે, જેમ કે માર્ગ અને રેલ સુરક્ષામાં વધારો, ટ્રાફિક ભીડમાં ઘટાડો, અકસ્માતોમાં ઘટાડો, ટ્રેનની ઝડપમાં વધારો, સમયપાલનમાં સુધારો તેમજ સમગ્ર રેલ કામગીરીમાં સુગમતા અને કાર્યક્ષમતામાં વધારો.

પશ્ચિમ રેલવે મુસાફરોની સુવિધાઓ વધારવા અને રેલ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા દિશામાં સતત આગળ વધી રહ્યું છે. મુસાફરોને વધુ સારી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જ્યાં "અમૃત સ્ટેશન સ્કીમ" હેઠળ સ્ટેશનોના પુનર્વિકાસનું કામ થઈ રહ્યું છે, ત્યાં મંડળ પર રેલવે ફાટકોને દૂર કરીને તેમની જગ્યાએ રોડ અન્ડર બ્રિજ (RUB), લિમિટેડ હાઈટ સબ-વે (LHS) અને રોડ ઓવર બ્રિજ (ROB) બનાવવા માટે પણ ઝડપી ગતિએ કામ થઈ રહ્યું છે. મુસાફરોની સુવિધા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રેલવે બોર્ડ દ્વારા ભાવનગર મંડળ પર વિવિધ બાંધકામ કાર્યોને મંજૂરી આપવામાં આવી છે, જેમાં આશરે રૂ. ૩૫૦ કરોડ ખર્ચાશે. આ કાર્યોમાં લિમિટેડ હાઈટ સબવે/રોડ અન્ડર બ્રિજ અને અન્ય સ્ટ્રક્ચરલ ડેવલપમેન્ટ કાર્યોનો સમાવેશ થાય છે.ભાવનગર મંડળના ઢસા–રાજુલા, રાજુલા–મહુવા, કાનાલુસ–પોરબંદર, જેતલસર–વાંસજાલિયા, રાજકોટ–જેતલસર, સુરેન્દ્રનગર–ધોળા અને સાબરમતી–બોટાદ સેકશનોમાં અનેક લેવલ ક્રોસિંગ દૂર કરીને RUBનું નિર્માણ કરવામાં આવશે. હાલમાં ભાવનગર મંડળમાં ૨૩૮ લિમિટેડ હાઈટ સબવે/રોડ અન્ડર બ્રિજ ઉપલબ્ધ છે. આ સિવાય ૪૦ નવા બ્રિજ બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે અને જલ્દી જ બાંધકામ કાર્ય શરૂ થઈ જશે.

"ફાટક મુકત ગુજરાત" અભિયાન હેઠળ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભાવનગર મંડળના ૧૧ જિલ્લાઓમાં કુલ ૪૦ નવા લિમિટેડ હાઈટ સબવે/રોડ અન્ડર બ્રિજ બનાવવામાં આવશે. આ નાણાકીય વર્ષ દરમિયાન અંદાજે રૂ. ૩૫૦ કરોડના ખર્ચે આ કાર્યો પૂર્ણ કરવામાં આવશે. આ કાર્યો પૂર્ણ થતા મુસાફરોની યાત્રા વધુ સુરક્ષિત, સુગમ અને સુવિધાજનક બનશે તથા રેલવે કામગીરી પણ નિરાંતે સુનિશ્ચિત થઈ શકશે.


**પશ્ચિમ રેલ્વે - રાજકોટ વિભાગ**

ટેન્ડર સૂચના ક્રમાંક: DRM/RJT/E-ટેન્ડર/2025-2026/24 (EL). તારીખ: 01.09.2025

IOT આધારિત બુદ્ધિશાળી ક્ષેત્ર ઉપકરણો

ટેન્ડર ક્રમાંક: DRM/RJT/EL/2025-2026/24

કામનું નામ: રાજકોટ વિભાગ: સ્ટ્રીટ લાઇટ, લિફ્ટ, એસ્કેલેટર, સબસ્ટેશન, પ્લેટફોર્મ 'લાઇટિંગ (30-70% કોન્સેપ્ટ) અને પંપ ઓટોમેશન માટે IOT આધારિત બુદ્ધિશાળી ક્ષેત્ર ઉપકરણો. (IRNIYANTRAC) Ph II.

અંદાજે. કિંમત: રુ. 7,45,26,212.80

EMD કિંમત: રુ. 5,22,600/-

ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય: 01.10.2025 ના રોજ 15.00 કલાક સુધી

કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલ્વે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360 001

વેબસાઇટ વિગતો: www.ireps.gov.in RJT 108

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**અધિકારી ચેમ્બરનું સમારકામ**

વિભાગીય રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400008. ઇ-ટેન્ડર સૂચના આમંત્રિત કરે છે. નંબર: BCT/25-26/208 તા. 02/09/2025. કાર્ય અને સ્થાન: ચર્ચગેટ - GLO અને સ્ટેશન બિલ્ડીંગ - અધિકારીઓના ચેમ્બર અને વિવિધ વિભાગોનું સમારકામ. અંદાજિત કાર્ય ખર્ચ: રૂ. 5,21,62,762.05/- EMD: રૂ. 4,10,800/-. સબમિશનની તારીખ અને સમય: તા. 26.09.2025 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 26.09.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0564

અમને લાઇક કરો: facebook.com/WesternRly



અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત સપ્ટેમ્બર – ૨૦૨૫ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| કોષ્ટક | ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|---|
| કોષ્ટક-૧ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ-૨૯ જિલ્લાઓ (છોટાઉદેપુર, વડોદરા, અરવલ્લી, મહીસાગર તથા પંચમહાલ સિવાય તમામ) |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | કુલ-૩૨ જિલ્લાઓ (છોટાઉદેપુર તથા વડોદરા સિવાય તમામ) |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૨ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૨ જિલ્લાઓ છોટાઉદેપુર તથા વડોદરા માટેનું વિતરણ પ્રમાણ |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | જુવાર | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | જુવાર | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| કોષ્ટક-૩ | ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | કુલ - ૦૩ જિલ્લાઓ અરવલ્લી, મહીસાગર તથા પંચમહાલ માટેનું વિતરણ પ્રમાણ. નોંધ - અંત્યોદય કુટુંબો માટે ઘઉં, ચોખા તથા મકાઈનું વિતરણ અને જ્યાં મકાઈનો ઉપલબ્ધ જથ્થો પૂર્ણ થાય ત્યાં મકાઈની અવેજમાં બાજરીનું વિતરણ કરવામાં આવશે. |
| | ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૩ | | મકાઈ/બાજરી | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા. | |
| | ૪ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| | ૫ | | ચોખા | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| | ૬ | | બાજરી | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |

સપ્ટેમ્બર –૨૦૨૫ માસમાં રાજ્ય સરકારની તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે

# ધારાસભ્ય બન્યા પછી લડાઈ પુરી થઈ નથી અહીંથી શરૂઆત છેઃ ગોપાલ ઈટાલીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણસુરતના ઉધના વિસ્તારમાં આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ જનસભામાં આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો સમક્ષ પોતાની વાત રજુ કરતા જણાવ્યુ હતુ કે આપણે તમામ લોકો પોતાના દમ પર મહેનત કરીને મજુરી કરીને ગુજરાન ચલાવનાર લોકો છીએ, આપણે કોઈનુ કંઈ લુંટતા નથી અને કોઈ ખરાબ ભાવના પણ રાખતા નથી. અત્યાર સુધી જેટલી પણ પાર્ટીઓ હતી તે તમામ લોકોએ દેશના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને એવુ જ સમજાવ્યુ કે ગરીબ લોકો સપના નથી જોઈ શકતા અને ગરીબ લોકો આગળ નથી વધી શકતા અને ગરીબ અને ઈમાનદાર લોકોએ રાજનીતીમાં આવવુ જોઈએ નહી, આ રાજનેતાઓએ આપણને મહેસુસ કરાવ્યુ કે આપણે કઈ કરી શકતા નથી, પરંતુ મને સવાલ થતો કે શા માટે મારા જેવા




સામાન્ય ઘરના અને ગરીબ ઘરના લોકો આગળ નથી વધી શકતા ? આપણા લોકોનુ માન સન્માન કયાં છે ? પછી મે હીરાનુ કામ કાજ છોડી દીધુ હતુ અને સરકારી નોકરીની તૈયારી કરીને પોલીસની નોકરી લીધી, સરકારી નોકરી મળ્યા બાદ પણ મને લાગ્યુ કે આ દેશની વ્યવસ્થામાં કંઈને કઈ ખોટ છે, જેના કારણે સામાન્ય લોકોની વાત કયાંય પણ સાંભળવામાં આવતી નથી ત્યારબાદ મે રાજનીતીમાં આવવાનુ નકકી કર્યુ ત્યારબાદ હમણાં બે મહિના પહેલા ગુજરાત રાજયની વિસાવદર સીટ પરથી લોકોએ મને ધારાસભ્ય બનાવ્યો , આખા ગુજરાતનો આત્મા જાગે તેવુ મારૂ સપનુ છે, તેવી મારી કોશિષ છે, હું છેલ્લા ૧૦ વરસથી રાજકારણના પ્લેટફોર્મ પર સંઘર્ષ કરૂ છુ, ખરાબ અને કપરો સમય જોયો, મારી પાર્ટીને હારી જતા જોઈ, મને હારી જતા જોયો, પણ અમે અમારો લક્ષ નથી છોડયો, અમારો એક જ લક્ષ છે, ગુજરાતની જનતાનો આત્મા જાગે અને ભાજપ ભાગે, અમારા વિસાવદરના ખેડુતો, પશુપાલકો, રત્નકલાકારો, અમારી બહેનો, અમારા સૌ મતદારોએ મારા માથે હાથ મુકીને મને આશીર્વાદ આપ્યા, એટલે અત્યારે આખા ગુજરાતમાં અમારૂ ચાલી રહ્યુ છે. એ ૧૦ વર્ષનો સંઘર્ષ લેખે લાગ્યો, પરંતુ અહીંયા લડાઈ પુરી થતી નથી, અહીં થી તો ચાલુ થાય છે, ગોપાલ ઈટાલીયા ધારાસભ્ય બન્યા ત્યાં લડાઈ પુરી નથી થઈ, ત્યાંથી તો શરૂ થઈ છે, આપણે બધા વિચારવુ પડશે કે આપણી સાથે થઈ રહ્યુ છે તે વ્યાજબી છે કે ગેરવ્યાજબી, તમારા મત થી એક વ્યકિત શિક્ષણમંત્રી બને છે અને પોતાની ૧૦ ખાનગી શાળાઓ શહેરમાં ખોલી નાખે છે, તમારા મત થી બનેલો શિક્ષણમંત્રી સમાજને નહી પરંતુ તમને બનાવીને જતો રહેશે, તો તમારી આત્માને પુછો કે તમે સરકારી શાળા બનાવવા મત આપો છો કે પ્રાથમિક શાળા, મારે હોદ્દો, પૈસા, ગાડી, ધારાસભ્યનુ પદ જોઈતુ હોત તો ભાજપવાળા તૈયાર જ બેઠા છે, ટેકાના ભાવે ખરીદી કરી તરતજ બનાવી દેતા, ભાજપવાળા દુનિયામાં ડંકો વગાડી દેવાની વાત કરે છે પરંતુ શાળાઓ નથી, શિક્ષકો નથી, તો પહેલા શાળા બનાવવાનુ કામ કરો , ચુંટણી દરમિયાન કતારગામમાં ભાજપે કરોડો રૂપીયા વહેચ્યા હતા, મેં રત્નકલાકારો માટે ચાલતી રત્નદીપ યોજનાની કામગીરી કયાં પહોચી તે જાણવા ૧૦ જિલ્લાના અધિકારીઓને ફોન કરીને પુછયુ તો તેમણે જણાવ્યુ કે હજુ સ્ક્રુટીની ચાલે છે, આજે રત્ન કલાકારને પોતાના છોકરાઓને ભણાવવા માટે પૈસાની જરૂર છે તો ૫૦ પેપર માંગવામાં આવી રહ્યા છે. ૧૦ વર્ષ અગાઉ ડ્રગ્સનુ કોઈપણ જાતનુ દુષણ હતુ નહી, આજે ચારેય તરફ ડ્રગ્સનુ દુષણ વધી ગયુ છે. આપણા દિકરા દિકરીઓ બરબાદ થઈ રહ્યા છે. પણ ભાજપના પેટનુ પાણી હાલતુ નથી. પરંતુ આ તમામ પરીસ્થિતિઓ હવે બદલાશે, કારણ કે ગુજરાતની જનતા જાગી રહી છે, અને આવનારી તમામ ચુંટણીઓમાં આમ આદમી પાર્ટીની મજબુત પ્રદર્શન કરશે અને ગુજરાતના ઈતિહાસમાં એક નવી રાજનીતીની શરૂઆત કરશે અને આમ આદમી પાર્ટીની જીત સાથે જ ગુજરાતમાં પરીવર્તનની શરૂઆત થઈ જશે.

# જે પુત્રને દેવુ કરીને વિદેશ ભણવા મોકલ્યો તે ઘડપણનો સહારો બનવાને બદલે હત્યારો બની ગયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરમાં વધુ એક કમકમાટીભરી ઘટના બહાર આવી છે જેમાં એક કપાતર પુત્રએ લગ્ન ન થવાના કારણે પોતાની જ જનેતા માતાની હત્યા કરી નાખી છે, આ ઘટના સોલા વિસ્તારમાં આવેલા વર્ધમાન કૃપા ફલેટમાં બની હતી. જયાં ૬ વર્ષે કેનેડા રહીને પરત ફરેલા ૩૧ વરસના યુવક વ્રજ કોન્ટ્રાકટરે પોતાની માતા પારૂલબેન કોન્ટ્રાકટરને લગ્ન બાબતે થયેલી બોલાચાલીમાં માર માર્યો હતો. જેને લઈ તેમના શરીરે આંતરીક ઈજાઓ થવાના કારણે સારવાર દરમિયાન તેમનુ મોત નિપજયુ હતું.




પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ આ બનાવ મંગળવારે રાત્રે લગભગ ૧૦ વાગે બન્યો હતો. સોલાના વર્ધમાન કૃપા ફલેટમાં રહેતા વ્રજ જે ૨૦૧૮ થી ૨૦૨૪ દરમિયાન સ્ટુડન્ટ વિઝા પર કેનેડા રહ્યો હતો, તે ભારત પરત ફર્યા બાદ કોઈ કામ ધંધો કરતો ન હતો. આ કારણે તેના લગ્ન થઈ રહ્યા ન હતા, આ બાબતે તે અવાર નવાર તેના માતા પિતા અને બહેન સાથે ઝઘડો કરતો હતો. મંગળવારની રાત્રે જયારે તેની બહેન નકશી તેની માતા પારૂલબેનના પગમાં દુઃખાવો થતો હોવાથી બરફ ઘસી રહી હતી. ત્યારે વ્રજે ફરીથી લગ્નનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેણે ગુસ્સામાં આવીને માતાને કહ્યુ કે તમે અને મારા પપ્પા લગ્ન કેમ નથી કરાવતા ? મારા માટે છોકરી શોધી આપો, આટલુ કહીને તેણે પારૂલબેનની પીઠ પર જોરદાર મુકકો માર્યો હતો, મુકકાના કારણે પારૂલબેનને અસહ્ય પીડા થઈ હતી અને તેઓ નીચે પડયા હતા, તેમની દિકરી નકશીએ પાડોશીની મદદથી તેમને તાત્કાલીક સોલા સીવીલ હોસ્પીટલ લઈ ગઈ હતી જો કે સારવાર દરમિયાન પારૂલબેનનુ દુઃખદ અવસાન થયુ હતું. પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં જાણવા મળ્યુ કે મુકકાના કારણે તેમની બરોળ ફાટી ગઈ હતી અને આંતરીક રકતસ્ત્રાવને કારણે શરીરમાં લોહી પ્રસરી ગયુ હતુ. જો કે તેમના મૃત્યુનુ કારણ બન્યુ,

ઘટનાબાદ મૃતક પારૂલબેનના પતિ મયંકભાઈએ પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી, તેમણે જણાવ્યુ હતુ કે તેમણે પુત્રને પગભર કરવા માટે દેવુ કરીને તેને કેનેડા ભણવા મોકલ્યો હતો, પરંતુ તે ઘડપણનો સહારો બનાવને બદલે હત્યારો બની ગયો, આ ઘટનાથી આખો પરીવાર ઘેરા શોકમાં પ્રસરી ગયો છે.

સોલા પોલીસ સ્ટેશનના પીઆઈ કે એન ભુકણે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે પોલીસે પુત્ર વ્રજ વિરૂધ્ધ હત્યાનો ગુન્હો નોંધીને તેની ધરપકડ કરી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવે સમાજમાં કૌટુંબિક સંબંધો અને માનસિક સ્વાસ્થ્યના મુદ્દાઓ પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

# ગુજરાત સચિવાલયના ગેસ કેડરના અધિકારીએ ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો : ડ્રાઈવર દરવાજો ખોલતા જ અચંબામાં મુકાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સચિવાલયમાં ગેસ કેડરના અધિકારીએ પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચારી મચી જવા પામી છે. આ બનાવથી સચિવાલયના અન્ય કર્મચારીઓમાં આઘાત પ્રસરી ગયો છે, ફોન ઉપાડતા ડ્રાઈવર ઘરે જતા દરવાજો ખોલતા અધિકારી ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતા જોવા મળ્યા હતા પુત્ર મુંબઈમાં રહે છે.

મળતી માહિતી અનુસાર અમદાવાદના વસ્ત્રાપુર સરકારી વસાહતમાં સચિવાલય ના ગેસ કેડરના અધિકારી મનોજકુમાર પોપટલાલ પુજારા એ ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. મનોજ પુજારા ગાંધીનગર સચિવાલયમાં ગેસ કેડર તરીકે ફરજ બજાવતા હતા, ડ્રાઈવર દરરોજ જેમ તેમને લેવા આવતા અધિકારીએ ફોન ન ઉપાડતા તેને ઘરે જઈને દરવાજો ખોલતા અધિકારી લટકતી હાલતમાં જોવા મળ્યા હતા.

મૃતક છેલ્લા ૧૧ વરસથી એકલા રહેતા હતા, તેમને પત્ની ન હતી અને મૃતકનો પુત્ર મુંબઈ ખાતે રહે છે, પ્રાથમિક તપાસમાં મૃતક અધિકારીએ એકલતાના કારણે આત્મહત્યા કરી હોવાની આશંકા છે, હાલ તો વસ્ત્રાપુર પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.




# રાજયના ૭ નગરપાલિકાના ચીફ ઓફીસરોની અચાનક તાત્કાલીક બદલી કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ફરી એકવાર નગરપાલિકાના ચીફ ઓફીસરોની બદલી કરી દેવામાં આવી છે. શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા ચીફ ઓફીસરોની બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે, રાજયમાં ૭ નગરપાલિકાના ચીફ ઓફીસરોની અચાનક તાત્કાલીક અસર થી બદલી ના હુકમો કરવાના આદેશ કરાયા છે. મળતી માહિતી અનુસાર શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા ૭ નગરપાલિકાના ચીફ ઓફીસરોની બદલી કરી દેવામાં આવી છે. આ ૭ નગરપાલિકાઓમાં ખેડબ્રહ્મા, મહુવા, હારીજ, માણાવદર, શિહોર, કાલોલ અને ડભોઈનો સમાવેશ થાય છે. આ સાતેય નગરપાલિકાના ચીફ ઓફીસરોને



રાજયપાલના હુકમથી કરવામાં આવેલી બદલીનો તાત્કાલીક અમલ કરવો પડશે તેવુ જણાવવામાં આવ્યુ છે. શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા બદલી કરવામાં આવેલા ચીફ ઓફીસરમાં ખેડબ્રહ્મા ના સાવન રતાણીને સાવરકુંડલા મુકવામાં આવ્યા છે, મહુવાના મયુર જોશીને માળીયા મીયાણા મુકાયા છે, હારીજના આશિષ દરજીને સિકકા બદલી કરી દેવામાં આવી છે, માણાવદરના યોગેશ ગણાત્રાને જાલોદ માં નિમણુંક અપાઈ છે. શિહોરના પરાક્રમસિંહ મકવાણાને મહુવામાં પોસ્ટીંગ અપાયુ છે, કાલોલના મિલાપ પટેલને બાલાસિનોરમાં બદલી કરી દેવામાં આવી છે, ડભોઈના જયકિશન તડવીને રાજપીપળા મુકવામાં આવ્યા છે.

# ભાજપને હરાવવુ મુશ્કેલ : વિપક્ષો ગઠબંધન કરે તો પરીવર્તનની આશા :પૂર્વ ધારાસભ્ય બાંભણીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

વાત વાત માં આમ આદમી પાર્ટી માટે વિસાવદરવાળી થશે તે વાત વચ્ચે ગુજરાતમાં ત્રીજા પક્ષનુ અસ્તિત્વ રહ્યુ જ નથી, ભાજપને હરાવવુ મુશ્કેલ, વિપક્ષો ગઠબંધન કરે તો પરીવર્તનની આશા, જસદણના પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ બાંભણીયાએ વ્યકત કરી છે. રાજયમાં સ્વતંત્ર પાર્ટી, કીમલોક, જનતાદળ, યુવા વિકાસ પાર્ટી, મહાગુજરાત જનતા પાર્ટી , ગુજરાત પરીવર્તન પાર્ટી, કોઈનુ અસ્તિત્વ રહ્યુ જ નથી, કોંગ્રેસ પછી ભાજપ સિવાય કોઈ પાર્ટી મજબુત બની નથી. જસદણ વિછીંયાના પૂર્વ



અપક્ષ ધારાસભ્ય અને રાજકોટ જિલ્લા ડેરીના પૂર્વ ચેરમેન ભીખાભાઈ ભીમજીભાઈ બાંભણીયાએ જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટી માટે વાત વાતમાં વિસાવદરવાળી કરવામાં આવશે એવુ બોલાઈ રહ્યુ છે, કોંગ્રેસનુ માનવુ એવુ છે કે નવા સંગઠન માળખાથી અમારો પક્ષ મજબુત બનશે, ભાજપમાં પણ નારાજગી નો સુર ઉઠતો હોય તેવુ જોવા મળે છે, ઘણા વરસોથી ગુજરાતમાં કોંગ્રેસ સિવાય અન્ય પક્ષ કયારેય મજબુત બન્યો નથી. સ્વતંત્ર પાર્ટી, કિમલોક, ગુજરાત જનતા દળ, યુવા વિકાસ પાર્ટી, ગોરધનભાઈ ઝડફીયા, કેશુબાપા અને શંકરસિંહ બાપુ વગેરેની પાર્ટીઓનુ અસ્તિત્વ રહ્યુ જ નથી, ફકત ભાજપ અને જનતાદળના ગઠબંધનથી ભાજપ પાર્ટી મજબુત બની છે, પૂર્વ જસદણ યાર્ડના ચેરમેન ભીખાભાઈ બાંભણીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ગત વિધાનસભાની ચુંટણીમાં આમ આદમી પાર્ટીએ પ્રવેશ કર્યો હતો. પરંતુ ધાર્યુ પરીણામ મળ્યુ નહી, વિસાવદરની બેઠકને લીધે હાલ પુરતો ઉત્સાહ જોવા મળે છે. કોંગ્રેસનો જુથવાદ, પક્ષપલ્ટો તથા પક્ષના સંગઠનની નિષ્ક્રિયતાના કારણે ગુજરાતમાં મૃત અવસ્થામાં છે,

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી વખતે શુ પરીણામ આવે છે તે જોવાનુ રહ્યુ, વિરોધ પક્ષો અલગ રીતે એકલા હાથે ચુંટણી લડીને ભાજપને ગુજરાતમાં હરાવી શકે કે કેમ એ કહેવુ મેશ્કેલ છે, ઘણા વરસોના એક હથ્થુ શાસનથી તમામ વર્ગના લોકો હેરાન પરેશાન છે, જેથી તમામ પક્ષના આગેવાનો, નેતાઓ તથા આમ જનતા પરીવર્તન આવે એવી માન્યતા ધરાવતા થયા છે. વિરોધપક્ષો અંગતરીતે સત્તા મેળવવાની લાલસાને બદલે ગઠબંધન કરી ભાજપને હરાવવા માટેનો સંકલ્પ નહી કરે તો મતના વિભાજનના પરીણામે ભાજપને હરાવવુ મુશ્કેલ છે. સત્તાપરીવર્તન માટે વિરોધપક્ષોએ ના છુટકે ગઠબંધન કરવાની તથા મતદારોને જાગૃત અને સંગઠીત થઈ આ બાબતે ખેલદીલીપૂર્વક વિચારણા અને મનોમંથન કરવાની જરૂર છે. તેઓ વિચાર પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ બાંભણીયાએ વ્યકત કર્યો છે.

# ગુજરાતમાં મેઘરાજાની ધસમસતી એન્ટ્રી : હવામાન વિભાગે ૭ દિવસ જાહેર કર્યા રેડ એલર્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ તેજ બન્યો છે. હવામાન વિભાગે આગામી ૪ દિવસ માટે રાજયના વિવિધ વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદ પડવાની આગાહી કરી છે, સાથેજ અનેક જિલ્લાઓ માટે રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ ગુજરાત તથા કચ્છ સુધી મેઘરાજા ધસમસતા પ્રવેસી રહ્યા છે.

જેમાં ૫ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાતના ૫ જિલ્લાઓમાં અતિભારે વરસાદ પડવાની શકયતા છે. જેમાં નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં રેડ એલર્ટ આપવામાં આવ્યુ છે. જયારે સુરત, તાપી, નર્મદા, ભરૂચ, છોટા ઉદેપુર, ભાવનગર, અમરેલી અને બોટાદને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે, જયારે દીવ, ગીર સોમનાથ, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, મહિસાગર અને અરવલ્લી જિલ્લાને યલો એલર્ટ આપવામાં આવ્યુ છે. જયારે ૬ સપ્ટેમ્બરે ઉત્તર ગુજરાતમાં વરસાદી ચેતવણી આપવામાં આવી છે, જેમાં સુરેન્દ્રનગર, સાબરકાંઠા, અરવલ્લી



અને મહિસાગર જિલ્લાને રેડ એલર્ટ આપવામાં આવ્યુ છે, જયારે રાજકોટ મોરબી, બોટાદ, બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ અને દાહોદને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. તો બીજી તરફ બાકીના તમામ જિલ્લાઓને યલો એલર્ટ આપવામાં આવ્યુ છે.

તો બીજી તરફ ૭ સપ્ટેમ્બરે કચ્છ માં મેઘરાજાની તોફાની બેટીંગ જોવા મળશે જેમાં કચ્છ જિલ્લાને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. તો બીજી તરફ મોરબી, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી અને મહિસાગર જિલ્લાને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે. તો બીજી તરફ જુનાગઢ, પોરબંદર, દ્વારકા, જામનગર, રાજકોટ, બોટાદ, અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ અને દાહોદ જિલ્લાને યલો એલર્ટ આપવામાં આવ્યુ છે. તો બીજી તરફ ૮ સપ્ટેમ્બરે વરસાદ વિરામ લેશે, સપ્તાહના અંતે વરસાદમાં થોડો વિરામ જોવા મળશે. હવામાન વિભાગે માત્ર ૩ જિલ્લાઓમાં હળવા વરસાદ માટે એલર્ટ જાહેર કર્યુ છે, જેમાં કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લાને યલો એલર્ટ આપવામાં આવ્યુ છે. હવામાન વિભાગે નદી કાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેતી રાખવા, અનાવશ્યક મુસાફરી ટાળવા તેમજ સ્થાનિક વહિવટી તંત્રના નિર્દેશોનુ પાલન કરવા સુચના આપી છે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કુલ ગુજરાત હાઈકોર્ટના શરણે : ડીઈઓના નિર્ણયને ફેંકયો પડકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદની સેવન્થ ડે એડવેન્ટીસ્ટ સ્કુલમાં થોડા દિવસ અગાઉ જ એક વિદ્યાર્થી દ્વારા સગીરની હત્યાના વિવાદમાં સેવન્થ ડે સ્કુલને અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા ફટકારવામાં આવેલી કારણદર્શક નોટીસ અને તેની કાયદેસરતાને વિવાદીત સ્કુલ તરફથી ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવી છે, સેવન્થ ડે સ્કુલની રીટ અરજીની સુનાવણી એકાદ બે દિવસમાં જસ્ટીસ નિખીલ એસ કેરીયલ ની કોર્ટ સમક્ષ નિકળે તેવી શકયતા છે, સેવન્થ ડે સ્કુલ દ્વારા આરટીઈ એકટ હેઠળ નિમાયેલી ૫ સભ્યોની તપાસ સમિતિની કાયદેસરતાને પણ પડકારી છે, અમદાવાદ શહેરના ડીઈઓ રોહિત ચૌધરી દ્વારા તાજેતરમાં જ સેવન્થ ડે સ્કુલને શો કોઝ નોટીસ ફટકારી ધો. ૧ થી ૧૨ સુધીના અભ્યાસ અંગેની પરવાનગી, આઈસીએસી બોર્ડનુ જોડાણ પ્રમાણપત્ર , ગુજરાત સરકારના એનઓસી ની નકલ, માન્યતા પ્રાપ્ત શાળા તરીકેનો નકશો, શાળાનો ટ્રસ્ટ ડીડ, ફાયર એનઓસી,




શાળાના પરીસરમાં કાર્યરત સંસ્થાઓ, શિક્ષકોની લાયકાત, મકાન ઉપયોગ અને પરવાનગી સહિત વિવિધ પ્રકારના ૧૬ જેટલા દસ્તાવેજો માંગવામાં આવ્યા છે, ડીઈઓ તરફથી સમયમર્યાદામાં પાલન કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં કડક કાર્યવાહી પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. આ અગાઉ સ્કુલના વાલી સંગઠન તરફથી અમદાવાદ મ્યુનિસીપલ કમિશ્નર અને શહેરના મેયરને અરજી કરી સ્કુલની જમીન લીઝ રદ કરવાની માંગણી કરાઈ છે, સરકાર તરફથી પણ સ્કુલના વિવાદીત પ્રકરણમાં ૪ અધિકારીઓને નિયુકત કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે એડવેન્ટીસ્ટ સ્કુલના ૧૫ વરસના ધો.૧૦ ના વિદ્યાર્થી વિરૂધ્ધ ભુતકાળમાં બનેલી ઘટનાનો બદલો લેવા માટે તેના જુનીયર વિદ્યાર્થી નયન સંતાનીને સ્કુલના ગેટની બહાર છરી મારીને હત્યા કરવાનો બનાવ નોંધાયો હતો. જેને પગલે રાજયભરમાં ખળભળાટ મચી ગયો હતો, નિર્દોષ વિદ્યાર્થીની હત્યાને પગલે સ્કુલના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉગ્ર આક્રોશ ભભુકી ઉઠયો હતો અને તાત્કાલીક શાળા બંધ કરવવાની માંગણી કરી હતી.

# સુરતમાં હચમચાવતી બની ઘટનાઃ ૧૩માં માળેથી પહેલા લાડલા દિકરાને ફેંકયા બાદ ૧૨ સેકન્ડ બાદ માતાએ માર્યો કુદકો

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરત શહેરના અલથાણ વિસ્તારમાં આવેલી માર્તન્ડ હીલ્સ એપાર્ટમેન્ટમાં એક અત્યંત કરૂણ અને રહસ્યમય ઘટના બનવા પામી છે. માતા અને તેમના પુત્રનુ ૧૩ માં માળેથી નીચે પટકાતા કરૂણ મોત નિપજયુ હતું. આ બનાવને પગલે એપાર્ટમેન્ટના રહેવાસીઓમાં શોક અને આઘાતનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

મળતી માહિતી અનુસાર મુળ મહેસાણાના વતની અને લુમ્સનુ કારખાનુ ચલાવતા વિશ્લેષકુમાર પટેલ તેમના પરીવાર સાથે માર્તન્ડ હીલ્સ એપાર્ટમેન્ટમાં છઠ્ઠા માળે રહે છે, પરીવારમાં તેમની ૩૦ વર્ષીય પત્ની પુજા અને ૨ વર્ષનો પુત્ર ક્રિશિવ હતા, બુધવારે સાંજે પુજાબેન તેમના પુત્ર ક્રિશિવ ને લઈને કોમ્પ્લેક્ષના સી વિંગમાં ૧૩ માં માળે બ્લાઉઝ સીવડાવવા ગયા હતા, ત્યારબાદ બંને રહસ્યમય સંજોગોમાં બિલ્ડીંગની નીચે પટકાયા હતા. આ બનાવ બિલ્ડીંગમાં ચાલી રહેલા ગણેશોત્સવના મંડપથી લગભગ ૫૦ મીટર દુર બન્યો હતો. જોરદાર અવાજ આવતા રહેવાસીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. માતા પુત્રને ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં જોઈને તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને બંને માતા પુત્રને નવી સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા, જોકે ફરજ પરના ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ગણેશોત્સવના ઉલ્લાસપૂર્ણ વાતાવરણ વચ્ચે આ ઘટનાથી અચાનક શોકની લાગણી ફેલાઈ ગઈ હતી, બનાવની જાણ થતા જ પોલીસની ટીમ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવી હતી



અને તપાસ શરૂ કરી હતી, આ અકસ્માત હતો કે માતા એ પુત્ર સાથે આત્મહત્યા કરી તે જાણવા પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

# ઉ. ગુજરાત પર મેઘો મહેરબાન, સૌથી વધારે વરસાદ નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ચાલુ વર્ષે મેઘરાજાએ તમામ વિસ્તારમાં મેઘમહેર કરી છે. ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૦૪ સપ્ટેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ સરેરાશ ૯૨.૬૪ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ઉત્તર ગુજરાતમાં ૯૬.૯૪ ટકા વરસાદ, દક્ષિણ ગુજરાતમાં ૯૬.૯૧ ટકા, પૂર્વ-મધ્યમાં ૯૩.૭૯ ટકા, કચ્છમાં ૮૫.૧૪ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૮૪.૭૪ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

વધુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૧૧૩ ડેમ હાઈએલર્ટ પર મુકવામાં આવ્યા છે. જેમાં ૮૨ ડેમ ૧૦૦ ટકા, ૬૮ ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૪ ડેમ ૫૦ થી ૭૦ ટકા વચ્ચે જ્યારે ૧૭ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૮૯ ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે.